પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૧૪૧ • કુલ પાના : ૪ • તારીખ : ૦૮-૦૨-૨૦૨૪ ગુરૂવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## કોંગ્રેસ હવે ઉત્તર દક્ષિણના નામ પર દેશને તોડવાનો પ્રયાસ કરે છે રાજ્યસભામાં વડાપ્રધાન મોદીના ચાબખા

**કોંગ્રેસ પર નિશાનો સાધતાં કહ્યું કે, 'આ વખતે કોંગ્રેસ ૪૦નો આંકડો પાર કરી શકશે નહીં.'**



નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના ભાષણ પર રાજયસભામાં આભાર-ભાષણ દરમિયાન એમના સંબોધન દરમિયાન કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકા અર્જુન ખડગે અને કોંગ્રેસ પર નિશાનો સાધ્યો હતો. કોંગ્રેસ પર પ્રહાર કરતા વડાપ્રધાને કહ્યું કે આ વખતે કોંગ્રેસ ૪૦નો આંકડો પાર કરી શકશે નહીં. પીએમ મોદીએ આગળ કહ્યું કે, 'કોંગ્રેસ પાર્ટીની વિચારધારા ઘણી જૂની થઇ ગઇ છે જ્યારે વિચારો જૂના થાય ત્યારે કાર્ય પણ આઉટસોર્સ થઈ જાય છે. આટલો મોટો પક્ષ, આટલો લાંબો સમય શાસન કરનાર પક્ષ, થોડા સમયમાં આટલો પતન થઈ ગયો. અમને તમારા પ્રત્યે સહાનુભૂતિ છે.' આગળ પીએમ મોદીએ કહ્યું કે હું મલ્લિકાર્જુન ખડગેનો વિશેષ આભાર વ્યક્ત કરું છું. હું તેમને ખૂબ જ ધ્યાન અને આનંદથી સાંભળતો હતો. લોકસભામાં મનોરંજનની જે કમી હતી તે તેમણે અહીં પૂરી કરી. પશ્ચિમ બંગાળ તરફથી પડકાર આવ્યો છે કે કોંગ્રેસ ૪૦નો આંકડો પાર કરી શકશે નહીં. હું પ્રાર્થના કરું છું કે તમે ૪૦ સીટો બચાવી શકો.

વડાપ્રધાને કહ્યું કે જે કોંગ્રેસે સત્તાના લોભમાં ખુલ્લેઆમ લોકશાહીનું ગળું દબાવ્યું હતું, જે કોંગ્રેસે ઘણી વખત લોકશાહી ઢબે ચૂંટાયેલી સરકારોને રાતોરાત ડઝનેક વખત બરતરફ કરી હતી, જે કોંગ્રેસે અખબારોને તાળા મારવાનો પણ પ્રયાસ કર્યો હતો, હવે તે કોંગ્રેસે દેશને તોડવાની તૈયારી કરી રહી છે. કોંગ્રેસ હવે ઉત્તર દક્ષિણના નામ પર દેશને તોડવાનો પ્રયાસ કરી રહી છે.

મોદીએ લોકસભામાં કોંગ્રેસ પર જોરદાર નિશાન સાધ્યું હતું. એવું કહેવામાં આવ્યું હતું કે એક જ પ્રોડક્ટને અનેક વખત લોન્ચ કરવાને કારણે કોંગ્રેસની દુકાનને તાળાં લાગી જવાની આરે છે. દેશની સાથે સાથે કોંગ્રેસ પણ પરિવારવાદનો માર સહન કરી રહી છે. આ વિપક્ષ ઘણા દાયકાઓથી સત્તામાં હતો, તેવી જ રીતે આ વિપક્ષ ઘણા દાયકાઓથી વિપક્ષમાં બેસવાનો સંકલ્પ કર્યો છે. આ શબ્દોની રમત નથી, આ અમારી પ્રતિબદ્ધતા છે. આપણો દરેક શ્વાસ, દરેક ક્ષણ આને સમર્પિત છે. અમે આ ભાવના સાથે આગળ વધી રહ્યા છીએ અને આગળ વધતા રહીશું. આવનારી સદીઓ ઈતિહાસમાં સુવર્ણકાળની નોંધ લેશે. હું દેશના લોકોનો મૂડ સમજું છું. દેશે ૧૦ વર્ષમાં પરિવર્તન જોયું છે. દરેક રિઝોલ્યુશનને સાકાર કરવા એ અમારી કાર્યશૈલીનો એક ભાગ છે. દેશની સામે સત્ય રજૂ કરવાનો મોકો મળ્યો.

મેડ ઈન ઈન્ડિયા સેમી કંડક્ટર આવનારા ૫ વર્ષમાં ઓળખ બનાવશે. દેશ ઇલેક્ટ્રિક માર્કેટમાં નવી ગતિની સંભાવના જોશે. લાખો અને કરોડો રૂપિયાનું તેલ આયાત કરે છે, ઉર્જા ઉત્પન્ન કરીને આપણે આત્મનિર્ભર બનીશું. દેશમાં ૫ વર્ષ માટે પાઇપ ગેસ કનેક્શન આપવામાં આવશે. યુવા શક્તિની તાકાત આખી દુનિયા જોશે. અમારા યુવા સ્ટાર્ટઅપ્સ, યુનિકોર્નની સંખ્યા લાખોમાં થવા જઈ રહી છે. ટાયર ટુ, ટાયર થ્રી શહેરો સ્ટાર્ટઅપ્સની ઓળખ સાથે ઉભરી આવશે. રેકોર્ડ પેટન્ટ ફાઈલિંગનો દિવસ આવી રહ્યો છે.

અમારી સરકારનો ત્રીજો કાર્યકાળ દૂર નથી. કેટલાક લોકો તેને મોદી ૩.' કહે છે. મોદી ૩.૦એ વિકસિત ભારતનો પાયો મજબૂત કરશે. ભારતમાં આવતા ૫ વર્ષમાં ડોકટરો અને મેડિકલ કોલેજો વધશે. સારવાર સસ્તી અને સુલભ હશે. દરેક ગરીબ ઘરમાં નળના પાણીનું કનેક્શન હશે. ગરીબોને પીએમ આવાસ આપવામાં આવશે. એક પણ વંચિત નહીં રહે. સોલાર પાવરને કારણે વીજળીનું બિલ શૂન્ય થશે. દેશના કરોડો લોકોને ફાયદો થશે. તમે તમારા ઘરે વીજળી ઉત્પન્ન કરી અને વેચી શકશો.

આજે હું એક મહત્વપૂર્ણ મુદ્દા પર મારી પીડા વ્યક્ત કરી રહ્યો છું. રાષ્ટ્ર આપણા માટે જમીનનો ટુકડો નથી. એક પ્રેરણાદાયી છે. પગમાં કાંટો વાગે તો હાથ એવું નથી વિચારતો કે પગમાં વાગ્યો છે, હું શું કરું. હાથ તરત જ પગ સુધી પહોંચે છે. ભારતના કોઈ પણ ખૂણે દર્દ હોય તો દરેકે દુઃખ અનુભવવું જોઈએ. જો શરીરનું એક અંગ કામ ન કરે તો આખું શરીર અક્ષમ ગણાય છે. જો દેશનો કોઈપણ ભાગ વિકાસથી વંચિત રહેશે તો દેશને વિકસિત ગણાવામાં આવશે નહી.પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહને ટાંકીને પીએમ મોદીએ કહ્યું કે, ટેક્સ કલેક્શનમાં ભ્રષ્ટાચાર છે, તેના માટે GST લાવવો જોઈએ. રાશન સ્કીમમાં લીકેજ છે, જેના કારણે દેશના ગરીબોને સૌથી વધારે નુકસાન થાય છે. ઉકેલ લાવવાની જરૂર છે. તેને રોકવા માટે સરકારી કોન્ટ્રાક્ટ જે રીતે આપવામાં આવે છે તેના પર શંકા છે.

## ગુજરાતની વીજ માંગમાં ધરખમ વધારો : બે દાયકામાં ત્રણ ગણી વૃદ્ધિ

ગાંધીનગર,

ગુજરાતની વીજ માંગમાં છેલ્લા ૨૦ વર્ષમાં ત્રણ ગણો વધારો થયો હોવાનું ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું. ગુજરાતની મહત્તમ વીજ માંગ ૨૦૦૨માં ૭,૭૪૩ મેગાવોટ હતી અને તે ૨૦૨૩ના અંતે વધીને ૨૪,૫૦૦ મેગાવોટને પણ વટાવી ગઈ છે. આ બાબત પુરાવો છે કે ગુજરાતમાં ઉદ્યોગોનો મહત્તમ વિકાસ થયો છે. તેની સાથે ગુજરાત દેશમાં સૌથી વધુ શહેરીકરણ ધરાવતું રાજ્ય છે. આજે ગુજરાતની ૫૦ ટકા વસ્તી એટલે કે સાત કરોડ ગુજરાતીઓમાંથી ૩.૫ કરોડથી વધુ ગુજરાતીઓ ગુજરાતના શહેરોમાં વસે છે અને તેમને ૨૪ કલાક વીજળી પૂરી પાડવામાં આવી રહી છે. રાજ્ય સરકારે કોઈપણ પ્રકારના લોડશેડિંગ વગર ગુજરાતને અવિરત વીજ પુરવઠો પૂરો પાડ્યો છે.

તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં માથાદીઠ વીજ વપરાશમાં પણ લગભગ અઢી ગણી વૃદ્ધિ થઈ છે. આ માથાદીઠ વીજવપરાશ ૨૦૦૩માં ૯૫૦થી વધુ મેગાવોટ હતો. ૨૦૧૩માં માથાદીઠ વીજ વપરાશ વધીને ૧૮૦૦ યુનિટ પર પહોંચી ગયો હતો. જો કે પછીના દાયકામાં ગતિ થોડી ધીમી પડતા માથાદીઠ વીજ વપરાશ વધીને લગભગ ૨,૫૦૦ યુનિટ પર પહોંચવા આવ્યો છે. તેની તુલનાએ સમગ્ર દેશમાં માથાદીઠ વીજ વપરાશ ૧,૨૫૫ યુનિટ છે. આ દર્શાવે છે કે ગુજરાત દેશના સરેરાશ વીજ વપરાશ કરતાં બમણો વીજ વપરાશ કરે છે. રાજ્ય સરકાર આ વધતી જતી વીજ માંગને પહોંચી વળવા સતત વીજ ખરીદી કરે છે.

આ પહેલા ખેડૂતોને વીજ જોડાણ મેળવવા માટે ૧૫ વર્ષ રાહ જોવી પડતી હતી અને લાંબું વેઈટિંગ લિસ્ટ હતુ. તેની સામે હાલમાં ખેડૂતોને અરજી કર્યે ત્રણથી છ મહિનામાં વીજ જોડાણ મળી જાય છે. તેમણે જણાવ્યું હતું કે સપ્ટેમ્બર ૨૦૨૪ પછી આયાતી કોલસા અને ગેસના ભાવમાં આંતરરાષ્ટ્રીય સ્તરે અતિશય ભાવવધારો થવાના લીધે વીજ પ્રોજેક્ટ દ્વારા વીજમથક બંધ કરી દેવાયા હતા. તેની સાથે સમગ્ર દેશમાં વીજ ઉપલબ્ધતાના મુદ્દા ઉદભવ્યા હતા. આ વિપરીત સંજોગોમાં પણ રાજ્ય સરકારે ક્યાંય લોડ શેડિંગ ન આવે તેનું ધ્યાન રાખ્યું હતું.

## યુપી-બિહાર સહિત દેશના ઘણા રાજ્યોમાં હજુ પણ ગાઢ ધુમ્મસ જોવા મળી રહ્યું છે



નવીદિલ્હી,

ઠંડા પવનોને કારણે દિલ્હી-એનસીઆરમાં ઠંડી વધી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૨૪ કલાક દરમિયાન હિમાચલ પ્રદેશ, પંજાબ અને હરિયાણા-ચંદીગઢ-દિલ્હીના વિવિધ ભાગોમાં કોલ્ડવેવની સ્થિતિ પ્રવર્તે તેવી શક્યતા છે. આગામી ૩ દિવસ દરમિયાન ઉત્તર પશ્ચિમ ભારતના મેદાની વિસ્તારોમાં ૧૫-૨૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન પંજાબ, હરિયાણા-ચંદીગઢ-દિલ્હી, ઉત્તરાખંડના મેદાની વિસ્તારો, ઉત્તર રાજસ્થાન અને ઉત્તર-પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં લઘુત્તમ તાપમાન ૦૬-૧૦ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહ્યું, જે સામાન્ય કરતાં ઓછું છે. આગામી ૨૪ કલાક દરમિયાન અહીં ઠંડીથી રાહત મળવાની કોઈ આશા નથી.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સવારે ઉત્તર મધ્ય પ્રદેશ, બિહાર, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમ અને ઓડિશાના અલગ-અલગ વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું.આસામ, મેઘાલય, મિઝોરમ અને ત્રિપુરામાં ૮ અને ૯ ફેબ્રુઆરીના રોજ સવારે ગાઢ ધુમ્મસ છવાયેલ રહેવાની શક્યતા છે.

પંજાબ અને હરિયાણાના મોટાભાગના વિસ્તારોમાં શીત લહેર યથાવત છે. કરનાલનું લઘુત્તમ તાપમાન ૪.૨ ડિગ્રી નોંધાયું હતું જે હરિયાણા-પંજાબમાં સૌથી ઓછું છે. હવામાન વિભાગના અહેવાલ મુજબ, પંજાબના અમૃતસરમાં લઘુત્તમ તાપમાન ૫.૫ ડિગ્રી સેલ્સિયસના કારણે ધ્રૂજતી ઠંડી અનુભવાઈ હતી, જ્યારે લુધિયાણા અને પટિયાલામાં પણ તાપમાન સામાન્ય કરતા ત્રણ ડિગ્રી ઓછું અનુક્રમે ૬.૯ અને ૫.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

હિમાચલ પ્રદેશના ઘણા ભાગોમાં હિમવર્ષા અને વરસાદને કારણે મંગળવારે ચાર રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૪૭૦ થી વધુ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા હતા. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા અનુસાર, ૪૭૩ રસ્તાઓ પરનો વાહનવ્યવહાર થંભી ગયો હતો અને ૩૯૮ ટ્રાન્સફોર્મર અને ૩૮ પાણી પુરવઠા યોજનાઓ ખોરવાઈ ગઈ હતી. સ્થાનિક હવામાન વિભાગે આગામી છ દિવસ એટલે કે ૧૨ ફેબ્રુઆરી સુધી રાજ્યમાં શુષ્ક હવામાન રહેવાની આગાહી કરી છે.

કાશ્મીરમાં મોટાભાગના સ્થળોએ તાપમાન ઠંડું બિંદુથી નીચે જવા સાથે ઘાટીમાં શીત લહેરની અસર ચાલુ છે. દક્ષિણ કાશ્મીરનું પહેલગામ ગઈકાલે રાત્રે ઘાટીમાં સૌથી ઠંડુ સ્થળ હતું. અહીં લઘુત્તમ તાપમાન માઈનસ ૧૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ઉત્તર કાશ્મીરના ગુલમર્ગમાં ગઈકાલે રાત્રે તાપમાન માઈનસ ૧૦.૫ ડિગ્રી સેલ્સિયસ હતું, જે આગલી રાત્રે માઈનસ ૧૦ ડિગ્રી સેલ્સિયસ હતું.

## દિલ્હીમાં ૯ ફેબ્રુઆરીએ કોંગ્રેસની સ્ક્રીનીંગ કમિટીની બેઠક મળશે, ગુજરાતના ઉમેદવારો અંગે ચર્ચા

અમદાવાદ,

લોકસભા ચૂંટણી નજીક આવી રહી છે, ત્યારે હવે કોંગ્રેસ પણ એક્શન મોડ પર જોવા મળી રહ્યુ છે. આગામી ૯ ફેબ્રુઆરીએ દિલ્હીમાં ગુજરાત કોંગ્રેસ સ્ક્રીનીંગ કમિટીની બેઠક મળવાની છે. જેમાં કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ હાજર રહેશે. આ બેઠકમાં લોકસભા ચૂંટણીમાં ગુજરાત કોંગ્રેસના કયાં ઉમેદવાર હશે તે સંદર્ભમાં ચર્ચા કરવામાં આવશે.

ગુજરાતમાં અગાઉ કોંગ્રેસની કેટલીક બેઠક મળી હતી. જેમાં ઉમેદવાર પસંદગી માટેના નિર્દેશ આપવામાં આવ્યા હતા.લોકસભાનો વિસ્તાર મોટો હોય છે, જેથી ચૂંટણી પહેલા એવા ઉમેદવારને પસંદ કરવાનું કામ જલ્દી પતે તે માટે નિર્દેશ અપાયા હતા.અગાઉની બેઠકમાં ૨થી ૩ સભ્યોની પેનલ તૈયાર કરવામાં આવી હતી.આ પેનલ તૈયાર થઈ ગયા બાદ ઉમેદવાર પસંદગી માટેની કવાયત શરુ કરવામાં આવી છે.

અગાઉ કોંગ્રેસે લોકસભાદીઠ ઉમેદવાર પેનલ તૈયાર કરી હતી. પેનલ તૈયાર થયા બાદ સ્ક્રીનિંગ કમીટિના સભ્યો, પ્રદેશના હોદ્દેદારો અને એઆઈસીસીના સેક્રટરી વચ્ચે ૯ ફેબ્રુઆરીએ દિલ્હીમાં બેઠક મળવાની છે. આ બેઠકમાં ફેબ્રુઆરી મહીનાના અંત સુધીમાં સંભવિત ઉમેદવારોને ચૂંટણી લડવાના આદેશ આપી દેવામાં આવે તે પ્રકારની ચર્ચા કરીને નિર્ણય લેવામાં આવશે

## ગુજરાતમાં અનધિકૃત ધર્મસ્થાનો વિવાદ, હાઈકોર્ટે ગૃહ સચિવની એફિડેવિટ પર નારાજગી વ્યક્ત કરી

અમદાવાદ,

ગુજરાતમાં જાહેર સ્થળો પર અનધિકૃત ધર્મસ્થાનોના બાંધકામના વિવાદના મામલાની હાઈકોર્ટમાં સુનાવણી થઈ હતી. હાઈકોર્ટે ગૃહ સચિવની એફિડેવિટ પર ભારે નારાજગી વ્યક્ત કરી છે. રાજ્યમાં જાહેર સ્થળોએ અનધિકૃત પૂજા સ્થાનોમાંથી માત્ર ૨૩.૩૩% બાંધકામો દૂર કરવામાં આવ્યા છે

કોર્ટે કહ્યું કે હજુ પણ જાહેર સ્થળો પર મોટી સંખ્યામાં અનધિકૃત રીતે બાંધવામાં આવેલા ધાર્મિક સ્થળો છે. કોર્ટે એમ પણ કહ્યું કે નીતિગત નિર્ણય લીધા પછી પણ સરકારે કોઈ નક્કર પગલાં લીધાં નથી.

વાસ્તવમાં, સરકારે નિર્ણય લીધો છે કે જો રાજ્યમાં જાહેર સ્થળોએ બાંધવામાં આવેલા અનધિકૃત બાંધકામોને સ્વેચ્છાએ દૂર કરવામાં નહીં આવે, તો સરકાર માલિકી હક્કોની પુષ્ટિ કરશે અને નોટિસ આપીને આવા અનધિકૃત બાંધકામોને દૂર કરશે. રાજ્ય સરકારે કોર્ટમાં કરેલી એફિડેવિટમાં રજૂ કરેલી વિગતો મુજબ રાજ્યમાં ૧૩,૯૦૦થી વધુ અનધિકૃત ધાર્મિક સ્થળો અસ્તિત્વમાં છે.

હાઈકોર્ટે ગૃહ સચિવને જાહેર સ્થળોએ ગેરકાયદેસર રીતે બાંધવામાં આવેલા ધાર્મિક સ્થળોનો સંપૂર્ણ રિપોર્ટ ૨૭ ફેબ્રુઆરી સુધીમાં રજૂ કરવાનો આદેશ આપ્યો છે. વર્ષ ૨૦૦૬માં સુપ્રીમ કોર્ટે આપેલા આદેશ અનુસાર તમામ રાજ્ય સરકારોએ જાહેર સ્થળો પરના અનધિકૃત બાંધકામોને દૂર કરવા માટે પગલાં ભરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

## ચુંટણી પહેલા પાકિસ્તાનમાં બે આત્મઘાતી હુમલામાં ૨૫ લોકોના મોત

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનમાં આવતીકાલે સંસદ અને વિધાનસભાની ચૂંટણીઓ થઈ રહી છે. ચૂંટણીના બરાબર એક દિવસ પહેલા પાકિસ્તાન મોટા આત્મઘાતી હુમલાથી ધ્રૂજી ઉઠ્યું છે. બલુચિસ્તાન અને પિશીન પ્રાંતમા થયેલા બે આત્મઘાતી હુમલામાં ૨૨થી વધુ લોકો માર્યા ગયા છે અને ઘણા ઘાયલ થયાં છે. બોંબને મોટરસાઈકલ સાથે બાંધીને ઉડાવી મૂકવામાં આવ્યું હતું. બીજી એક ઘટનામાં અપક્ષ ઉમેદવારની ઓફિસ બહાર આત્મઘાતી હુમલો થયો હતો.

પિશિન અને બલુચિસ્તાન એમ બે વિસ્તારમાં બે આત્મઘાતી હુમલા થયાં છે. અપક્ષ ઉમેદવાર અસ્ફંદયર કાકરના ચૂંટણી કાર્યાલયની બહાર થયેલા આત્મઘાતી વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૧૪ લોકો માર્યા ગયા હતા અને ૩૦ ઘાયલ થયા હતા. બીજી તરફ બલુચિસ્તાનમાં બાઈક સાથે બોંબ બાંધીને ઉડાવી મૂકવામાં આવ્યાં હતા જેમાં પણ ઘણા માર્યા ગયા હતા. અત્યાર સુધી ૨૨ લોકો મોત થયાં છે. ઘણા ઘાયલ હોવાથી મોતનો આંકડો વધી શકે છે. હજુ સુધી કોઈ જૂથે આ હુમલાની જવાબદારી લીધી નથી.

પાકિસ્તાનમાં આવતીકાલે સંસદ અને વિધાનસભાની ચૂંટણીઓ થવાની છે. ચૂંટણીના એક દિવસ પહેલા પાકિસ્તાન લોહિયાળ બન્યું છે. આ ઘટના બાદ દેશમાં હાહાકાર મચ્યો છે. પહેલેથી કંગાળ બની ગયેલ પાકિસ્તાનની કસર આ ઘટનાએ પૂરી કરી દીધી છે.

## 'સારા કામ કરનારા નેતાઓને ક્યારેય સન્માન મળતું નથી', નીતિન ગડકરી

નવીદિલ્હી,

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ તકવાદી નેતાઓની સત્તાધારી પાર્ટી સાથે જોડાયેલા રહેવાની ઈચ્છા પર ચિંતા વ્યક્ત કરી છે. ગડકરીએ કહ્યું કે નેતાઓની વિચારધારામાં આવો ઘટાડો લોકશાહી માટે સારી વાત નથી. એટલું જ નહીં, ગડકરીએ એમ પણ કહ્યું કે જે સારું કામ કરે છે તેને ક્યારેય સન્માન મળતું નથી અને જે ખરાબ કામ કરે છે તેને ક્યારેય સજા મળતી નથી.

ગડકરીએ એક કાર્યક્રમ દરમિયાન આ વિચારો શેર કર્યા હતા. તેમણે કહ્યું કે કેટલાક એવા નેતાઓ છે જે પોતાની વિચારધારા પર અડગ છે, પરંતુ તેમની સંખ્યા ધીમે ધીમે ઘટી રહી છે. કોઈના નામનો ઉલ્લેખ કર્યા વિના ગડકરીએ કહ્યું, "હું હંમેશા મજાકમાં કહું છું કે કોઈ પણ પક્ષ સરકારમાં હોય, એક વાત ચોક્કસ છે કે જે સારું કામ કરે છે તેને ક્યારેય સન્માન મળતું નથી અને જે ખરાબ કામ કરે છે તેને સજા મળતી નથી."

સાંસદોનું સન્માન કરવાના એક કાર્યક્રમમાં બોલતા ભાજપના વરિષ્ઠ નેતાએ કહ્યું, "અમારી ચર્ચાઓ અને ચર્ચાઓમાં તફાવત એ અમારી સમસ્યા નથી. અમારી સમસ્યા વિચારોનો અભાવ છે." તેમણે કહ્યું, "એવા લોકો છે જેઓ તેમની વિચારધારાના આધારે વિશ્વાસ સાથે ઊભા છે પરંતુ આવા લોકોની સંખ્યા ઘટી રહી છે. અને વિચારધારામાં જે પતન થઈ રહ્યું છે, તે લોકશાહી માટે સારું નથી.ગડકરીએ કહ્યું, "ન તો જમણેરી કે ડાબેરી, અમે જાણીતા તકવાદી છીએ, કેટલાક લોકો આવું લખે છે. અને દરેક જણ શાસક પક્ષ સાથે જોડાયેલા રહેવા માંગે છે.

## બાંગ્લાદેશના વિદેશ મંત્રી હસન મહમૂદ પહોંચ્યા દિલ્હી, બંને દેશો વચ્ચેના સંબંધો મજબૂત થશે

નવીદિલ્હી,

બાંગ્લાદેશના વિદેશ મંત્રી હસન મહમૂદ આજે નવી દિલ્હી પહોંચ્યા છે. વિદેશ મંત્રાલયના સત્તાવાર પ્રવકતા રણધીર જયસ્વાલે ટ્વિટર પર લખ્યું, "બાંગ્લાદેશના વિદેશ પ્રધાન ડૉ. હસન મહમૂદનું ભારતની પ્રથમ સત્તાવાર મુલાકાત પર તેમનું ઉષ્માભર્યું સ્વાગત.

તેમણે કહ્યું કે આ મહત્વપૂર્ણ મુલાકાત ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મજબૂત ભાગીદારીને વધુ વેગ આપશે. મહેમૂદ વિદેશ મંત્રી એસ જયશંકરના આમંત્રણ પર ભારત આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, શેખ હસીનાની ઐતિહાસિક જીત બાદ બાંગ્લાદેશની નવી સરકારમાં શપથ ગ્રહણ કર્યા બાદ અને વડાપ્રધાન તરીકે સતત ચોથી કાર્યકાળ પ્રાપ્ત કર્યા બાદ મહેમૂદની આ પ્રથમ વિદેશ યાત્રા છે.

વિદેશ મંત્રાલયે કહ્યું કે આ મુલાકાત બંને દેશો દ્વારા તેમના દ્વિપક્ષીય સંબંધોને આપવામાં આવેલ ઉચ્ચ મહત્વ અને પ્રાથમિકતા દર્શાવે છે. ૭-૯ ફેબ્રુઆરીની તેમની દેશની મુલાકાત દરમિયાન, બાંગ્લાદેશના પ્રધાન હસન મહમૂદ જયશંકર સાથે મુલાકાત કરશે અને વાતચીત કરશે, જ્યાં તેઓ દ્વિપક્ષીય સંબંધોની વિશાળ શ્રેણીમાં પ્રગતિની સમીક્ષા કરશે અને ભાવિ જોડાણ માટે એજન્ડા તૈયાર કરશે.

વિદેશ મંત્રાલયે કહ્યું કે તેઓ સામાન્ય હિતના પેટા-પ્રાદેશિક, પ્રાદેશિક અને બહુપક્ષીય મુદ્દાઓ પર પણ વિચારોનું આદાનપ્રદાન કરશે. આ જાન્યુઆરીની શરૂઆતમાં, જયશંકરે તેમના બાંગ્લાદેશ સમકક્ષ મહેમૂદને યુગાન્ડાના કમ્પાલામાં બિન-જોડાણવાદી ચળવળ સમિટ દરમિયાન મળ્યા હતા.મહમૂદે કહ્યું કે ભારત-બાંગ્લાદેશ સંબંધોને મજબૂત કરવા માટે જયશંકર સાથે તેમની મૂલ્યવાન વાતચીત થઈ. જયશંકરે સૌપ્રથમ મેહમૂદને તેમની નિમણૂક બદલ અભિનંદન આપ્યા અને કહ્યું કે તેઓ ટૂંક સમયમાં દિલ્હીમાં તેમનું સ્વાગત કરવા આતુર છે.

હસન મહમૂદ, જેઓ દક્ષિણ-પૂર્વ બાંગ્લાદેશના ચિત્તાગોંગના છે, તેમણે ૨૦૦૯-૨૦૧૪ દરમિયાન શેખ હસીનાના બીજા કાર્યકાળ દરમિયાન નાયબ વિદેશ પ્રધાન તરીકે સેવા આપી હતી. હસીનાની પાર્ટી અવામી લીગે સરકાર બનાવવા માટે ૭ જાન્યુઆરીએ યોજાયેલી ચૂંટણીમાં ૨૨૩ સીટો જીતી હતી.

પ્રમુખ મોહમ્મદ શહાબુદ્દીને સરકાર રચવા માટે આમંત્રણ આપ્યા બાદ અવામી લીગ સરકારે તેના ૩૬ સભ્યોના મંત્રીમંડળનું નામ આપ્યું હતું. બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી,જમાત-એ-ઈસ્લામી અને સમાન વિચારધારા ધરાવતા પક્ષોએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો અને દેશભરમાં હડતાલ પર ઉતરી ગયા હોવાથી તણાવ વચ્ચે ચૂંટણી યોજાઈ હતી.

## કચ્છમાં DRIનું સફળ ઓપરેશન સોપારી : દાણચોરીનો ૫ કરોડ ૭૧ લાખનો જથ્થો જપ્ત



ભુજ,

કચ્છમાં ફરી એકવાર ડીઆરઆઈએ સૌથી મોટી કાર્યવાહી કરી છે. વાત જાણે એમ છે કે, ડીઆરઆઈએ વધુ એકવાર ગેરકાયદે સોપારીની દાણચોરી પકડી પાડી છે. પ્રાથમિક વિગતો મુજબ સોપારીનો જથ્થો 'બેઝ ઓઈલ' ડ્રમ્સમાં છુપાવાયો હતો. જેમાં કન્ટેનરમાં બેઝ ઓઈલ પાર્સલની ઓળખ આપી યુએઈથી મુન્દ્રા પોર્ટ લવાઈ હતી. જોકે ભારતમાં સપ્લાય કરવાની નવી મોડેશ ઓપરેન્ડીનો ડીઆરઆઇ પર્દાફાશ કર્યો છે.

કચ્છના મુંદ્રા પોર્ટ પર કન્ટેનરમાં બેઝ ઓઈલ પાર્સલની ઓળખ આપી 'બેઝ ઓઈલ' ડ્રમ્સમાં છુપાવી યુએઈથી ગેરકાયદે સોપારીનો જથ્થો લાવવામાં આવ્યો હતો. જે બાદમાં અહીથી ભારતમાં આ ગેરકાયદે સોપારી સપ્લાય કરવાની નવી મોડશ ઓપરેન્ડીનો ડીઆરઆઈએ પર્દાફાશ કર્યો છે. આ સાથે ડીઆરઆઈએ ગેરકાયદે ૮૩ મેટ્રિક ટન સોપારી અંદાજે રૂપિયા ૫ કરોડ ૭૧ લાખનો જથ્થો જપ્ત કર્યો છે. વિગતો મુજબ ૭૩૮ ડ્રમમાંથી ૬૫૮ ડ્રમમાં સોપારી અને ૮૦ ડ્રમમાં બેઝ ઓઈલ મળી આવ્યું છે.

## સંસદ બાદ હવે કેન્દ્રીય ગૃહ મંત્રાલયની સુરક્ષામાં ભંગ, નકલી દસ્તાવેજોની મદદથી એક યુવક ઘુસ્યો

નવીદિલ્હી,

સંસદ બાદ હવે કેન્દ્રીય ગૃહ મંત્રાલયની સુરક્ષામાં ભંગનો મામલો સામે આવ્યો છે. એક યુવક નકલી દસ્તાવેજોની મદદથી ગૃહ મંત્રાલયમાં ઘુસ્યો. દિલ્હી પોલીસે યુવકની ધરપકડ કરી છે અને તેની સંયુક્ત રીતે પૂછપરછ કરવામાં આવી રહી છે.

મળતી માહિતી મુજબ, દિલ્હી દત્ત પથ પોલીસ સ્ટેશને નકલી ઓળખ કાર્ડ પર નોર્થ બ્લોકમાં ગૃહ મંત્રાલયની ઓફિસમાં ઘૂસવાનો પ્રયાસ કરતા એક યુવકની ધરપકડ કરી છે. આરોપીનું નામ આદિત્ય પ્રતાપ સિંહ છે.એવું કહેવામાં આવી રહ્યું છે કે પોલીસ તપાસ કરી રહી છે કે આદિત્ય ફેક આઈડી પર કયા હેતુથી દાખલ થયો હતો. પરંતુ હાલમાં કોઈ ટેરર એન્ગલ જોવા મળ્યો નથી. મળતી માહિતી મુજબ, તે કોઈની સાથે છેતરપિંડી કરવાના ઈરાદે અંદર પ્રવેશ્યો હતો. સ્પેશિયલ સેલ અને અન્ય એજન્સીઓએ પણ આરોપીઓની પૂછપરછ કરી છે.

ગયા વર્ષે ૧૩ ડિસેમ્બરે લોકસભામાં બે યુવકોએ ઓડિયન્સ ગેલેરીમાંથી ડેસ્ક પર કૂદીને કલર સ્મોગ કાઢવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન આખો હોલ ધુમાડાથી ભરાઈ ગયો હતો. તે જ સમયે તેના મિત્રોએ પણ સંસદની બહાર આવું જ પ્રદર્શન શરૂ કર્યું હતું. આરોપીઓએ તપાસકર્તાઓને કહ્યું હતું કે તેમનો ઉદ્દેશ્ય મણિપુર હિંસા, બેરોજગારી અને ખેડૂતોની સમસ્યાઓ તરફ ધ્યાન દોરવાનો હતો. આ કેસમાં કુલ છ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

## ચંદ્રબાબુ નાયડુની ટીડીપી અને ભાજપ વચ્ચે ગઠબંધનને લઈને સમજૂતી થઈ

નવીદિલ્હી,

જેમ જેમ લોકસભાની ચૂંટણીની તારીખ નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય ઉમેરાઓ અને બાદબાકીનો તબક્કો પણ વેગ પકડતો જોવા મળી રહ્યો છે. એક તરફ વિપક્ષી ભારતનું ગઠબંધન વિખેરાઈ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે, તો બીજી તરફ સત્તાધારી એનડીએમાં રોજ નવા ભાગીદારો જોડાઈ રહ્યાના અહેવાલો છે. આ શ્રેણીમાં હવે સમાચાર છે કે આંધ્રપ્રદેશમાં એન. ચંદ્રબાબુ નાયડુની આગેવાની હેઠળની તેલુગુ દેશમ પાર્ટી ફરી એકવાર એનડીએમાં સામેલ થઈ શકે છે. પૂર્વ મુખ્યમંત્રી આજે દિલ્હીની મુલાકાતે છે જેના કારણે આ અટકળોને વધુ બળ મળ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ચંદ્રબાબુ નાયડુની ટીડીપી અને ભાજપ વચ્ચે ગઠબંધનને લઈને સમજૂતી થઈ છે. દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડા સાથેની બેઠકમાં બંને પક્ષો વચ્ચે શીટ શેરિંગ પર ચર્ચા થશે અને તે પછી ગઠબંધનની જાહેરાત થઈ શકે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આંધ્ર પ્રદેશના વિભાજન બાદ હવે ત્યાં લોકસભાની કુલ ૨૫ બેઠકો છે. સમાચાર છે કે ભાજપે અહીં ૧૦ સીટો માંગી છે. જો કે ટીડીપીએ અભિનેતામાંથી રાજકારણી બનેલા પવન કલ્યાણની જનસેના સાથે ગઠબંધન કરી ચૂક્યું છે. પાર્ટીએ જનસેના માટે ૩ લોકસભા સીટો છોડવાની જાહેરાત કરી છે. આવી સ્થિતિમાં ટીડીપી માટે ભાજપને ૧૦ સીટો આપવી મુશ્કેલ લાગી રહી છે. તમને જણાવી દઈએ કે આ પહેલીવાર નથી જ્યારે આ ત્રણેય પક્ષો સાથે મળીને ચૂંટણી લડશે. આ પહેલા ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં પણ ટીડીપી, જનસેના અને ભાજપે આંધ્રપ્રદેશમાં સંયુક્ત રીતે ચૂંટણી લડી હતી. જો કે આ પછી નાયડુએ NDA સાથે સંબંધો તોડી નાખ્યા હતા. સંભવતઃ આ જ કારણસર ભાજપ હવે ગઠબંધનના નિર્ણય પર ઘણી વાટાઘાટો કરી રહી છે. માનવામાં આવે છે કે આજની બેઠક બાદ આંધ્રમાં ગઠબંધનની પ્રશંસા થઈ શકે છે.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

પંચમહાલ સમાચાર

# મહીસાગર સિંચાઈ ઉદ્દ્વહન યોજના માટે રૂ.૭૯૪ કરોડની વહીવટી મંજૂરી-ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ

- રૈયાલીમાં ૪૦ લાખ અને મુનજીના મુવાડા ખાતે ૬૬ લાખ લિટર પાણીની ક્ષમતાવાળી ટાંકીઓ બનાવવામાં આવશે.
- સિંચાઈ યોજના માટે રૂ. ૭૯૪ કરોડની વહીવટી મંજૂરી.
- ૨૬૮ કિ.મી.લાંબી પાઈપલાઈન તૈયાર કરવામાં આવશે.
- ત્રણેય તાલુકામાં ૧,૪૫૬ મિલિયન ઘનફૂટના પાણીના જથ્થાનો સંગ્રહ થશે.

મહિસાગર,

મહી નદી ઉદ્વહન સિંચાઈ યોજના થકી ખેડા-મહીસાગરના વિવિધ ૮૧ ગામના કુલ ૧૩૪ તળાવો ભરવાથી ૮,૧૦૦ હેક્ટર જમીનને પિયતનો લાભ થશે : જળ સંપત્તિ-પાણી પુરવઠા રાજ્યમંત્રી મુકેશ પટેલ મહી નદી ઉદ્દ્વહન સિંચાઈ યોજના માટે રૂ.૭૯૪ કરોડની વહીવટી મંજૂરી-ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ.

મહી નદીની ઉદ્દ્વહન સિંચાઈ યોજનાથી ખેડા જીલ્લામાં કપડવંજ તાલુકાના ૫૪ ગામના ૬૧, કઠલાલના ૨૦ ગામના ૨૦, ગલતેશ્વરમાં ૦૭ ગામના ૦૮ તેમજ ઠાસરા તાલુકામાં ૦૫ તેવી જ રીતે મહીસાગરના બાલાસિનોર તાલુકાના ૪૦ ગામના ૪૦ એમ બંને જીલ્લાના કુલ ૧૩૪ તળાવો ભરવામાં આવશે. આ તળાવો ભરવાથી ૮,૧૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની નેતૃત્વવાળી ગુજરાત સરકાર હર હાથને કામ, હર ખેતને પાણી' આપવા કટિબદ્ધ છે. મહી નદીની ઉદ્દ્વહન સિંચાઈ યોજનાથી ખેડા જીલ્લામાં કપડવંજ તાલુકાના ૫૪ ગામના ૬૧, કઠલાલના ૨૦ ગામના ૨૦, ગલતેશ્વરમાં ૦૭ ગામના ૦૮ તેમજઠાસરા તાલુકામાં ૦૫ તેવી જ રીતે મહીસાગરના બાલાસિનોર તાલુકાના ૪૦ ગામના ૪૦ એમ બંને જીલ્લાના કુલ ૧૩૪ તળાવો ભરવામાં આવશે.

આ તળાવો ભરવાથી ૮,૧૦૦ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે, જેનાથી ખેડૂતો વધુ આર્થિક પગભર બનશે અને ખેડૂતોની આવક બમણી કરવાના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને વધુ બળ મળશે, તેમ વિધાનસભા ગૃહમાં ઠાસરાના ધારાસભ્ય યોગેન્દ્રસિંહ પરમાર દ્વારા પુછાયેલા પ્રશ્નનો પ્રત્યુતર આપતા જળ સંપત્તિ અને પાણી પુરવઠા રાજ્યમંત્રી મુકેશ પટેલે જણાવ્યું હતું. મંત્રી પટેલે ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પેટા પ્રશ્નનો જવાબ આપતા કહ્યું કે, મહી નદીની સિંચાઈ ઉદ્દહનસિંચાઈ યોજના માટે રૂ. ૭૯૪ કરોડની વહીવટી મંજૂરી બાદ તેની ટેન્ડર પ્રક્રિયા પણ પૂર્ણ થઈ છે. આ યોજનામાં ૧૦ વર્ષની મરામત-નિભામણી કરવાની જોગવાઈ કરી છે. આ માટે ૨૬૮ કિ.મી.લાંબી પાઈપલાઈન તૈયાર કરવામાં આવશે. જે અંતર્ગત રૈયાલીમાં ૪૦ લાખ અને મુનજીના મુવાડા ખાતે ૬૬ લાખ લિટર પાણીની ક્ષમતાવાળી ટાંકીઓ બનાવવામાં આવશે. આ સમગ્ર કામગીરી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. આ યોજના થકી ત્રણેય તાલુકામાં ૧,૪૫૬ મિલિયન ઘનફૂટના પાણીના જથ્થાનો સંગ્રહ થશે. તેને સીધો લાભ આ વિસ્તારમાં ખેતી કરતા ખેડૂતોને મળશે તેમ, મંત્રી પટેલે વધુ વિગતો આપતાં ગૃહમાં ઉમેર્યું હતું.

## કડાણા તાલુકાના ૧૧ ગામોના તળાવોમાં સરસડી ગામના તળાવનુ પાણી ઉદ્વહન સિંચાઈ યોજનાથી મળશે

દિવડાકોલોની,

મહિસાગર જિલ્લાના કડાણા તાલુકાના ઉત્તર ભાગના ૧૧ ગામો ડીટવાસ, ભુલ, સરસવા ઉત્તર, ગોધરા ઉત્તર વગેરે ગામમાં આવેલા ૨૭ જેટલા તળાવોમાં સરસડી તળાવનુ પાણી ઉદ્વહન સિંચાઈ યોજનાથી યોજના માટે રાજ્ય સરકાર દ્વારા અંદાજે રૂ.૩૫ કરોડ મંજુર કર્યા હતા. આ પાણી સરસડી ગામના તળાવમાંથી પમ્પિંગ કરી ડીટવાસ તળાવમાં અને ત્યાંથી અન્ય તળાવોમાં પાડીને તળાવોમાં પાણીથી ભરી આ ગામોને ખેડુતોને ખેતી માટેનુ પાણી આપવામાં આવશે.

હાલ ગામોના ખેડુતોને કડાણા ડેમમાંથી કઢાયેલા ડાબા કાંઠા નહેર અને જમણા કાંઠાની નહેરનો લાભ મળતો નથી. સિંચાઈ માટેની સુવિધા આ ગામોમાંના હોય ખેડુતોને ખેતી માટે પાણીની મુશ્કેલી સર્જાયેલી છે. આ ગામોના તળાવો આ યોજના હેઠળ પાણીથી ભરી ખેડુતોને ખેતી માટે સિંચાઈનુ પાણી મળતા ખેતી અને પશુપાલન માટે ખુબ જ રાહત મળે તેમ છે. હાલ ડીટવાસ તળાવ નજીકનુ પમ્પિંગ સ્ટેશન બનાવવાની કામગીરી ચાલુ છે. તે પછી સરસડીમાં પણ પમ્પિંગ સ્ટેશન બનાવવાની કામગીરી ટુંક સમયમાં હાથ ધરાનાર છે. આ વિસ્તારમાં ઉદ્વહન સિંચાઈ યોજનાથી ખેડુતોને યોજના પુર્ણ થતાં ખેતી માટેનુ સિંચાઈનુ પાણી મળતા ખેડુતોમાં ખુશી જોવા મળી છે.

## વિરપુર નગરમાં શેરી શ્વાનમાં ખંજવાળના ચેપી રોગના વાવડથી પશુ પ્રેમીઓ ચિંતિત

વિરપુર,

વિરપુર નગરમાં સ્ટ્રીટ ડોગમાં ખાંળો રોગનો વાવર ફેલાતા સારવાર માટે નગરના પશુપ્રેમીઓ દ્વારા માંગ કરાઈ રહી છે.

વિરપુર નગરમાં છેલ્લા કેટલાક સમયથી સ્ટ્રીટ ડોગમાં ખાંળો નામનો રોગ ફેલાયેલો જોવા મળે છે. જેમાં આ શ્વાનના શરીર પરના વાળ ઉતરી જતા હોય છે. તેમજ ચામડી શુષ્ક થઈ તેને ખંજવાળ આવતા મુંગા પ્રાણી નખથી વારે ઘડીએ ખંજવાળતા ચામડીમાંથી લોહી નીકળતુ હોય છે. ત્યારબાદ તેની સારવાર ના મળતા તેમાં સડો લાગી જતો હોય છે, અને શ્વાન આખરે મૃત્યુ પામે છે. હાલ નગરના અનેક સ્ટ્રીટ ડોગને આ રોગ ફેલાયો છે. જેને લઈને લોકો દયા દાખવવાના બદલે આવા શ્વાનને હડસેલતા હોય છે. તો કેટલાક પશુપ્રેમીઓ દ્વારા આવા શ્વાનની સારવાર માટે પશુઓની સારવાર કરતી હેલ્પલાઈન પર ફોન કરી જાણ કરતા આ સેવા વિરપુરમાં ઉપલબ્ધ નહિ હોવાનુ જાણવા મળતા તેઓ પણ નિરાશ થયા છે. આ બાબતે પાલિકા અને ગ્રામ પંચાયતનો સંપર્ક સાધી સારવાર કરવા જણાવતા ત્યાં પણ એકબીજાને ખો આપતા આ સ્ટ્રીટ ડોગ્સ સારવાર વિના તરફડી રહ્યા છે. આ બાબતે પંચાયતના તલાટીએ પોતે આ રોગ વિશે જાણતા નહિ હોવાની જણાવી બાદમાં પશુ ચિકિત્સકની ટીમની મદદ લઈ આ પ્રકારના ડોગને શોધી તેની સારવાર કરવા ખાતરી આપી હતી.

# અમે અમારું વચન પાળ્યું અને ત્યાં મંદિર બનાવ્યું, અમે માત્ર વાતો નથી કરતા પરંતુ કરીને બતાવીએ છીએ : મુખ્યમંત્રી યોગી



લખનૌ,

યુપી વિધાનસભાનું બજેટ સત્ર ચાલુ છે. ૫ ફેબ્રુઆરીએ બજેટ રજૂ કર્યા બાદ, ભાજપ અને સપા વચ્ચે રામ મંદિરની મુલાકાતને લઈને બયાનબાજી ચાલુ છે. ભાજપે તમામ ધારાસભ્યોને ૧૧ ફેબ્રુઆરીએ અયોધ્યા આવવાનું આમંત્રણ આપ્યું હતું, જેને સપાના નેતાઓએ ફગાવી દીધું હતું. યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વિધાનસભામાં રાજ્યપાલના સંબોધન પર બોલતા કહ્યું કે ૨૨ જાન્યુઆરીના રોજ અયોધ્યામાં અભિષેકનો કાર્યક્રમ યોજાયો હતો. આના દ્વારા ભારતનું ગૌરવ પુનઃસ્થાપિત થયું છે. તેમણે કહ્યું કે અમે ખુશ છીએ કે અયોધ્યાનું જૂનું ગૌરવ પાછું આવ્યું છે. અમે ખુશ છીએ કે અમે અમારું વચન પાળ્યું અને ત્યાં મંદિર બનાવ્યુંપ. મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે અમે માત્ર કહેતા નથી પરંતુ કરીને બતાવીએ છીએ. મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે અયોધ્યા સાથે અન્યાય થયો. ત્યાંના લોકો સાથે અન્યાય થયો છે. મંદિરનો કેસ કોર્ટમાં હતો, તો શું ત્યાં રસ્તા અને વીજળી ન આપી શકાય? શું સરયૂના ઘાટની સફાઈ ન થઈ શકી હોત પણ અયોધ્યાને ખરાબ ઈરાદાઓથી શાપિત રાખવામાં આવી હતી.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે ૨૦૧૭ પહેલા યુપીના યુવાનો ઓળખ સંકટનો સામનો કરી રહ્યા હતા. તેને નીચું જોવામાં આવ્યું. જ્યારે પણ તે ક્યાંક ગયો ત્યારે તેને રહેવા માટે રૂમ ન મળ્યો, પરંતુ હવે આ ઓળખની કટોકટી સમાપ્ત થઈ ગઈ છે.

તેમણે કહ્યું કે ડબલ એન્જિનની સરકારે રાજ્યની છબી બદલી નાખી છે. રાજ્ય પ્રગતિ કરી રહ્યું છે. રાજ્યમાં ધાર્મિક પ્રવાસન ઝડપથી વધી રહ્યું છે. યુપીને માત્ર દેશમાં જ નહીં પરંતુ વિશ્વના નકશા પર ઓળખ મળી રહી છે. વિદેશથી પ્રવાસીઓ અયોધ્યા આવી રહ્યા છે.

મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે રાજયની છબીમાં સૌથી મોટો બદલાવ કાયદો અને વ્યવસ્થા મજબૂત થવાને કારણે થયો છે. હવે રોકાણકારો અહીં આવી રહ્યા છે અને મોટા પાયે રોકાણ કરવા તૈયાર છે.

મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે જે રીતે પ્રયાગરાજમાં કુંભ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેવી જ રીતે ૨૦૨૫માં યોજાનાર મહાકુંભનું પણ સ્વચ્છતા, સલામતી અને વ્યવસ્થાના મોડેલ પર આયોજન કરવામાં આવશે.

મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે અયોધ્યાના વિકાસ માટે ૩૧ હજાર કરોડ રૂપિયાની યોજનાઓ ચાલી રહી છે. અગાઉ અયોધ્યાની ગલીઓમાં ગોળીઓનો ધબડકો થતો હતો. પરિક્રમા પર પ્રતિબંધ હતો. હવે ભવ્ય અયોધ્યાનું નિર્માણ થઈ રહ્યું છે. પહેલા કર્ફ્યુનું મૌન હતું, હવે મંગલ ભવન અમંગલ હરિ...નું ગીત વાગી રહ્યું છે. આજે દુનિયાભરમાંથી લોકો અયોધ્યા આવી રહ્યા છે. અયોધ્યાને વિશ્વની સાંસ્કૃતિક રાજધાની બનાવવા માટે કામ કરવામાં આવી રહ્યું છે.

મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે પાંડવોએ કૌરવો પાસેથી માત્ર પાંચ ગામોની માંગણી કરી હતી પરંતુ તે આપવામાં આવી નથી. દેશનો બહુમતી સમાજ માત્ર ત્રણ જ જગ્યાઓ (અયોધ્યા, મથુરા અને કાશી) માંગી રહ્યો હતો અને તેના માટે તેમને ભીખ માંગવી પડી હતી. હવે અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ થયું છે. આપણે કાશી અને મથુરાને કેવી રીતે ભૂલી શકીએ. આ કામ આઝાદી પછી થવું જોઈતું હતું પરંતુ વોટબેંક ખાતર આ લોક આસ્થાના સ્થળોને અંતરે રાખવામાં આવ્યા હતા.

અખિલેશ યાદવે રાજ્યપાલના સંબોધન પર બોલતા સરકારને પૂછ્યું કે સરકાર મોંઘવારી ઘટાડવા માટે શું કરી રહી છે? મોંઘવારી વધી રહી છે. ખાણી-પીણીના ભાવમાં વધારો થયો છે. લોકો પાસે નોકરી નથી. નોકરીઓ આપવામાં આવી રહી નથી અને સરકાર એક ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થાનું સ્વપ્ન બતાવી રહી છે.

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર કટાક્ષ કરતા અખિલેશ યાદવે કહ્યું કે હવે લોકો ૧૧૨ પર ફોન કરવાથી ડરે છે કારણ કે તેમની પાસેથી પૈસા વસૂલવામાં આવશે. તેમણે કહ્યું કે સપા સરકારની સૌથી ઝડપી પ્રતિસાદ પ્રણાલી બરબાદ થઈ ગઈ છે. મહિલાઓ સામેના ગુનાઓ વધી રહ્યા છે. રાજ્યમાં કાયદો અલગ છે, વ્યવસ્થા અલગ છે.

અખિલેશ યાદવે કહ્યું કે રાજ્યમાં સ્વાસ્થ્ય વ્યવસ્થા ખરાબ હાલતમાં છે. દરેક વસ્તુનું ખાનગીકરણ થઈ રહ્યું છે. રાજ્યની મેડિકલ કોલેજો ધારાધોરણ મુજબ ચાલી રહી નથી. ત્યાંની નિમણૂંકો પૂર્ણ થઈ નથી.

વિપક્ષના નેતા અખિલેશ યાદવે કહ્યું કે યુપીમાં અત્યારે જેટલો ભ્રષ્ટાચાર છે તેટલો ક્યારેય થયો નથી. પોલીસ સ્ટેશનો અને તાલુકાઓમાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. ભ્રષ્ટાચાર પ્રત્યે સરકારની ઝીરો ટોલરન્સની નીતિ શૂન્ય થઈ ગઈ છે.સપાના નેતા ઓમપ્રકાશ રાજભરે ગૃહમાં સપા અધ્યક્ષ અખિલેશ યાદવની હાજરીમાં કહ્યું કે સપાએ સત્તામાં રહીને પછાત સમાજ માટે કંઈ કર્યુ નથી. હવે તેઓ સત્તા માટે પછાત લોકો, દલિતો અને લઘુમતીઓની વાત કરી રહ્યા છે.

નાણામંત્રી સુરેશ ખન્નાએ કહ્યું કે સપા પ્રમુખ અખિલેશ યાદવની રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રામાં ભાગ લેવાથી કોઈ ફરક પડશે નહીં. તેણે જનતાનો વિશ્વાસ ગુમાવ્યો છે. બંનેને એકબીજા પર વિશ્વાસ પણ નથી. સપા અને કોંગ્રેસ પહેલા ગઠબંધનમાં લડ્યા છે અને હાર્યા છે. બંનેના એકસાથે આવવાથી યુપીના રાજકારણમાં કોઈ ફરક નહીં પડે. આ પહેલા પણ જનતા તેમને નકારી ચૂકી છે. બંને પોતપોતાનું સન્માન બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# બાલાસિનોરમાં બૂટલેગરો બેફામ બની નિવૃત જવાનને ઢોર માર મારતાં ચાર વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ



બાલાસિનોર,

બાલાસિનોર તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી અસમાજીક તત્વો બેફામ બન્યા છે. ત્યારે નગરના રાજપુરી દરવાજા પાસે શાકભાજી લેતા સમયે મોટર સાઇકલ પાર્કિંગ મુદ્દે બોલાચાલી થતાં ચાર ઈસમો દ્વારા હુમલો કરી નિવૃત જવાનને મારમારતા ચાર ઈસમો સામે બાલાસિનોર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર બાલાસિનોર તાલુકાના ભાથલા ગામના સીઆરપીએફમાંથી તાજેતરમાં નિવૃત બળવંતસિંહ સુખાભાઈ સોલંકી નગરના રાજપુરી દરવાજા પાસે આવેલી શાકભાજીની લારીઓ પાસે શાકભાજી લેવા જતા પોતાની મોટરસાયકલ પાર્ક કરેલ હતું. જ્યાં બાલાસિનોરના ભોઈવાળા વિસ્તારમાં રહેતા સમીર ઉર્ફે સોમાં બાબુ મહેરા તેઓનું એક્ટિવા લઈ નિવૃત જવાન પાસે આવીને કહેવા લાગેલ કે તું કેમ અમારા રસ્તા પર તારૂં મોટર સાઇકલ પાર્ક કરે છે, તેમ કહી ઉશ્કેરાઈ જઈ ગંદી ગાળો બોલી અહિયા ઊભો રહે જે હું આવું છું. તેમ કહી ફોન કરીને અન્ય ઈસમો પૈકી સોનું મહેરા, નિર્મલ ગિરીશ મહેરા, જીજ્ઞેશ સુભાષ મહેરા જેઓ પાવડાના દસ્તા લઈને આવીને હુમલો કરતા નિવૃત જવાનને માથાના ભાગે તેમજ મોઢાના ભાગે વાગતા લોહી નીકળતા ચારે આરોપી નાસી છૂટયા હતા. જ્યારે બાદ નિવૃત જવાન રીક્ષા મારફતે સરકારી દવાખાને પહોંચી સારવાર કરાવી હતી. સમગ્ર ઘટનાની જાણ બાલાસિનોર ટાઉન પોલીસને થતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. જ્યારે નિવૃત જવાનની ફરિયાદ આધારે ચાર આરોપી વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધી આરોપીની અટકાયત કરવા ચક્રોગતિમાન કર્યા હતા.

## હુમલા ખોર રીઢો બુટલેગર હોવાની ચર્ચાઓ

બાલાસિનોર રાજપુર દરવાજા પાસે નિવૃત જવાનને મારમારવાના કેશના મુખ્ય આરોપી સમીર ઉર્ફે સોમાં બાબુ મહેરા બાલાસિનોર નગર વિસ્તારમાં નામચીન બુટલેગર પૈકીનો એક બુટલેગર છે. જે રાજપુર અને સાકરીયા રોડ પર આવેલા નીલગીરીઓના ખેતરમાં દારૂ વેચતો હોવાની ચર્ચાઓ ચાલી હતી.

## ખાનપુરના બાકોર બસ સ્ટેન્ડ પાસે પાણીની લાઈનમાં લીકેજ થતાં હજારો લીટર પાણીનો વેડફાટ

બાકોર,

બાકોર બસ સ્ટોપ પર પીવાના પાણીની લાઈનમાં ભંગાણ થતાં હજારો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. જેના કારણે રોડ પર પાણીની રેલમછેલ થતાં કાદવ-કિચડનુ સામ્રાજય છવાતા સ્થાનિક રહિશોને રસ્તા પરથી પસાર થવુ મુશ્કેલ બની ગયુ છે.

ખાનપુર તાલુકાના મુખ્ય મથક બાકોરમાં વારંવાર પાણીની લાઈનોમાં નાના-મોટા ભંગાણો થયા કરે છે. જેના કારણે પાણીના વેડફાટની સાથે આજુબાજુના વિસ્તારો માટે મોટી સમસ્યા સર્જાય છે. પાણીની લાઈનમાં લીકેજના કારણે છેવાડાના વિસ્તારોમાં ઓછુ અને અપુરતા પ્રેશરથી પાણી પહોંચવા સાથે દુષિત પાણી પહોંચતુ હોવાની પણ ગંભીર ફરિયાદો ઉઠી છે. તંત્ર દ્વારા પાઈપલાઈનના લીકેજનુ સમયસર સમારકામ નહિ કરાતા દિવસો સુધી કામ ટલ્લે ચઢાવી દેવાતુ હોય રોજ હજારો લીટર પાણીનો વેડફાટ થયા કરે છે. જે લીકેજના સમારકામ માટે રહિશો દ્વારા પંચાયતમાં વારંવાર રજુઆતો કરવા છતાં કોઈ કામગીરી કરાતી નહિ હોવાની પણ ગ્રામજનો આક્ષેપ કરી રહ્યા છે. એકબાજુ જિલ્લામાં અને તાલુકામાં પાણીની ગંભીર સમસ્યા છે ત્યારે આ રીતે પાણીના વેડફાટ સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.જેથી વહેલી આ લીકેજનુ સમારકામ કરી ગંદકી સાફ કરવા માંગ કરવામાં આવી રહી છે.

## લુણાવાડા પંચશીલ હાઈસ્કુલ ખાતેમાં રમાબાઈ આંબેડકર જન્મજયંતિ નિમિત્તે મહિલા મેડીકલ કેમ્પ યોજાયો



લુણાવાડા,

ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ અને પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી રત્નાકરભાઈના માર્ગદર્શનમાં ડો.બાબા આંબેડકરના ધર્મપત્ની “ત્યાગમૂર્તીમાં રમાબાઈ આંબેડકર જન્મજયંતિ નિમિત્તે મહીસાગર જીલ્લા અનુસૂચિત જાતિ મોરચો અને ડોકટર સેલના સંયુક્ત ઉપક્રમે લુણાવાડા પંચશીલ હાઈસ્કુલ ખાતે મહિલા મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું આ કેમ્પમાં વિવિધ વિભાગના નિષ્ણાંત દ્વારા મેડીકલ કેમ્પમાં સેવા આપવામાં આવી હતી. જેમાં જનરલ તપાસ, સુગરની તપાસ, ECG, BMD, ઈકો કાડીયોગ્રાફી કે મેમોગ્રાફી, પ્લમ્નોનરી ફંક્શન ટેસ્ટ (ફેફસા), ઓપ્થલમીક તપાસ (આંખ), ગાયનેક વિગેરે રોગોના લક્ષણો, તપાસ, નિદાન અને દવા વિતરણ કરવામાં આવ્યું હતું. આ મેડીકલ કેમ્પમાં સગર્ભા બહેનને પોષણયુક્ત આહાર ચણા, ગોળ, ખજૂરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ મેડિકલ કેમ્પમાં જીલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારીયા, જીલ્લા પંચાયત પ્રમુખ બી.કે. પટેલ ડોક્ટર સેલના સંયોજક ડો. જતીન્દ્ર પટેલ, જીલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચા પ્રમુખ દીપકભાઈ ચાવડા, પૂર્વ જીલ્લા ભાજપ મહામંત્રી મૂળજીભાઈ રાણા, જીલ્લા ભાજપ મોરચા પ્રભારી જેવી માળી, પંચમહાલ લોકસભા પ્રભારી જીતુભાઈ અમીન, લુણાવાડા નગર ભાજપ પ્રમુખ હિમાંશુ શાહ, ભાજપ વિવિધ મોરચાના અને ડોક્ટર સેલના કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહી મેડીકલ કેમ્પનો લાભ લીધો હતો.

## સંતરામપુરના સરાડ ગામે ચુલા ઉપર તાપણું કરી દાઝી જવાની ઘટના બની

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના સરાડ ગામે દાઝી જવાની ઘટના બની. સંતરામપુર તાલુકાના સરાડ ગામે ઝમકુબેન મંગળાભાઈ પારગી પોતાના ઘરે ચૂલામાં ઠંડીના કારણે તાપણું કરીને તાપી રહેલા હતા અચાનક ચુલાની આગ સાડીના છેડાને આગ લાગી જવાના કારણે ધીરે ધીરે આખા શરીરની અંદર દાઝી જતા બૂમ બરોડા કરી મુક્તા તેમના પરિવાર અને ગામજનો તાત્કાલિક ભેગા થઈ ગયા હતા અને હોસ્પિટલમાં ખસેડવામાં આવેલા હતા સારવાર માટે પરંતુ દાઝી વધારે જવાના કારણે સારવાર દરમિયાન તેમનું મોત નિપેલું હતું. આ અંગે સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ડોક્ટર એસ.જી.રાય દ્વારા ફરિયાદ આપવામાં આવેલી હતી અને પોલીસને જાણ કરવામાં આવેલી હતી. સંતરામપુર પોલીસી અકસ્માત ગુનો દાખલ કર્યો હતો અને આ અંગેની તપાસ હાથ ધરી હતી.

## માર્ગ સલામતી માસ અંતર્ગત વિરણીયા પ્રાથમિક શાળામાં ચિત્ર સ્પર્ધા યોજાઈ



મહિસાગર,

રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ૨૦૨૪ અંતર્ગત મહીસાગર સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી અને સર્વ શિક્ષા અભિયાન કચેરી દ્વારા વિરણીયા પ્રાથમિક શાળામાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના બાળકોએ ખૂબ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. મહીસાગર સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીના અધિકારીઓએ આપેલ માહિતી અને શાળાના શિક્ષકોના માર્ગદર્શનમાં બાળકોએ ટ્રાફિક સિગ્નલ, માર્ગ સલામતી તેમજ ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અંગેના જનજાગૃતિ ચિત્રો બનાવ્યા હતા. સ્પર્ધાને અંતે પસંદગી પામેલ ઉત્તમ ચિત્રોને ક્રમાંક આપી ઉપસ્થિત મોટર વ્હીકલ ઈન્સપેકટરના હસ્તે ટ્રોફી આપવામાં હતી. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સર્વ શિક્ષા અભિયાન કચેરીના અધિકારીઓ, શાળાના આચાર્ય, શિક્ષકો, બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

## આપની આજ.......

મેષ : વૃદ્ધ લોકોની સેવા કાર્યો પર પૈસા ખર્ચ થતા મનમાં ખુશી રહેશે. વૈવાહિક જીવનમાં સુખી પરિસ્થિતિ રહેશે. તમે વ્યવસાયમાં તમારા હરીફો માટે માથાનો દુઃખાવો બની રહેશો, આ તમારી કાર્યક્ષમતામાં વધારો કરશે.

વૃષભ : નોકરીના ક્ષેત્રમાં લાયકાત વધારીને સફળતા પ્રાપ્ત થશે. તમારા કામ પર સંપૂર્ણ ધ્યાન રહેશે, જેના કારણે અધિકારીઓ ખુશ થઈ જશે. સફળતા તરફ ધીમે ધીમે પગલા લઈ શકાય છે.

મિથુન : આજે સારા માણસોની મુલાકાતને કારણે મનમાં પ્રસન્નતા રહેશે. ઉચ્ચ અધિકારીઓની કૃપાથી જમીન-મિલકતનો વિવાદ પણ ઉકેલાશે. મિત્રોની મદદથી આર્થિક સમસ્યાઓ ઉકેલી શકાય છે.

કર્ક : નાની-નાની બાબતોમાં તમારા જીવનસાથી સાથે વાદ-વિવાદ ટાળો. ગુપ્ત શત્રુઓ સક્રિય રહેશે, બિનજરૂરી સમસ્યા રહેશે. વ્યવસાયમાં મહેનત કર્યા પછી જ આવક વધશે. વિદ્યાર્થીઓને તેમના ભવિષ્ય માટે નવી તક મળશે.

સિંહ : ઘરમાં ધનમાં વધારો થશે અને મિત્રો તરફથી પણ ધનલાભ થશે. છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહેલી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ દૂર થશે. તમને દુશ્મનોમાંથી મુક્તિ મળશે અને તમને વિજય મળશે.

કન્યા : એક મહત્વપૂર્ણ વ્યાવસાયિક ડીલ તમારી તરફેણમાં અંતિમ હોઈ શકે છે. જો તમે આજે તમારી વાત અન્ય લોકો સુધી પહોંચાડવામાં સફળ રહ્યા છો, તો આવનારા દિવસોમાં વરિષ્ઠ લોકો પણ તમારી પ્રશંસા કરશે.

તુલા : કાર્યક્ષેત્રમાં થોડી અડચણ આવવાની સંભાવના છે, તેથી સાવધાનીપૂર્વક કામ કરો. તમને ઘર અને ઓફિસની ઘણી જવાબદારીઓ મળી શકે છે, તેથી યોજના હેઠળ કામ કરવામાં તમને સફળતા મળશે.

વૃશ્ચિક : ભાગીદારીના કામમાં અવરોધો આવી શકે છે. દુશ્મનો તમને નુકસાન પહોંચાડવાનો પ્રયત્ન કરશે પરંતુ તમે તમામ પડકારો સફળતાપૂર્વક પૂર્ણ કરશો. ક્યાંકથી ધન કમાવવું અને પૈસા મેળવવાનો યોગ છે.

ધન : આજે નસીબ તમને દરેક પગલા પર સાથ આપશે. વિરોધીઓનું કાવતરું નિષ્ફળ જશે. આકસ્મિક ખર્ચ આર્થિક બોજ વધારી શકે છે. સાંસારિક આનંદ માણવાના સાધનો પર શુભ ખર્ચને કારણે મનમાં પ્રસન્નતા રહેશે.

મકર : આજે દિવસભર આવકના નવા સ્ત્રોત બહાર આવશે. તમારા ભાગ્યનો સિતારો ફરી ચમકવા લાગશે. વેપારમાં વધુ નાણાનું રોકાણ કરવું ફાયદાકારક રહેશે.

કુંભ : આજે શુભ કાર્યોમાં તમારી રુચિ વધશે. સંતાન પક્ષના લગ્નમાં આવતી અડચણ સમાપ્ત થશે. જનસંપર્કમાં વધારાથી રાજકીય લોકો ખુશ થશે.લવ મેરેજ કરવા માગતા લોકો માટે સમય અનુકૂળ છે.

મીન : આજનો દિવસ તમારા માટે સામાન્ય છે. સંતાન તરફથી આનંદદાયક સમાચાર મનોબળ વધારશે. કામમાં મુશ્કેલીઓ પછી તમને દિવસના બીજા ભાગમાં રાહત મળશે અને મહેનત પણ ફળ આપશે. રોકાણ માટે સમય યોગ્ય નથી.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# જમીનની તકરારમાં દાહોદ ગડી કોર્ટમાં ચાર મહિલાઓ સહિત ૨૦ના ટોળાએ જમીનમાં ભાગ નહિ આપીએ કહી હુમલો કર્યો

દાહોદ,

જમીન સંબંધી તકરારના કેસના મામલે દાહોદ ગડી ફોર્ટમાં સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરીમાં મુદતે હાજર રહેલા મોટી ખરજ ગામના ચારેક મહિલાઓ સહિત ૨૦ જેટલા ભાભોર કુટુંબના વ્યક્તિઓએ તેમના ગામના સામેવાળાને ગાળો આપી જમીનમાં તમોને ભાગ નહી આપીએ કહી હુમલો કરી મારમારી ધિંગાણું મચાવ્યાનું જાણવા મળ્યું છે.

દાહોદ તાલુકાના મોટી ખરજ ગામના રાહડુંગરી ફળીયાના મૂળ વતની અને પાણીની ટાંકી પાછળ રળીયાતી સરકારી આવાસમાં રહેતા કમલેશભાઈ મડીયાભાઈ ભાભોર તથા તેમા ગામના અને ફળીયાના ભાભોર કુટુંબના નગુભાઈ ભીમભાઈ, ભગુભાઈ ભીમાભાઈ, હુમલાભાઈ ભગુભાઈ, ગુમાનભાઈ ભગુભાઈ, મુકેશભાઈ ભગુભાઈ, પરેશભાઈ નાગુભાઈ, હરેશભાઈ નાગુભાઈ, દિનુભાઈ મનુભાઈ, કાળીયાભાઈ મનુભાઈ, નરેશભાઈ મનુભાઈ, હિમરાજભાઈ મનુભાઈ, કૈલેશભાઈ ભગુભાઈ, રેવતીબેન ગુમાનભાઈ, સુશીલાબેન મનુભાઈ, કૈલેશભાઈ ભગુભાઈ, રેવતીબેન ગુમાનભાઈ, સુશીલાબેન હુમલાભાઈ, સુમિત્રાબેન દીનુભાઈ કસમાબેન નાગુભાઈ તથા કમાભાઈ નન્નુભાઈ તથા અન્ય એક મહિલા વગેરેને જમીન સંબંધી વિવાદ હોઈ તે વિવાદના કેસની ગત તા.૨૨-૧૧-૨૦૨૩ના રોજ ગડીફોર્ટ કમ્પાઉન્ડમાં આવેલ સબ ડીવીઝનલ મજીસ્ટ્રેટની કચેરીમાં મુદ્દત હોઈ બંને પક્ષ ત્યાં ભેગા થયા હતા તે વખતે મોટી ખરજ ગામે રહેતા ચાર મહિલા સહીત ઉપરોક્ત ૨૦ જેટલા વ્યક્તિઓએ પોતાનો ઈરાદો પાર પાડવા એક સંપ કરી ગેરકાયદેસર મંડળી બનાવી રળીયાતી સરકારી આવાસમાં રહેતા કમલેશભાઈ મડીયાભાઈ ભાભોર ઉપર હુમલો કરી, આ કેસ કરેલ જમીન અમારી છે. અને તેમા તમોને ભાગ આપવાના નથી. તેમ કહી બેફામ ગાળો બોલી ગડદાપાટુનો મારમારી ઈજાઓ પહોંચાડી હતી તથા જાનથી મારી નાંખવાની ધાકધમકીઓ આપી ધિંગાણું મચાવતાં ગડી ફોર્ટ કમ્પાઉન્ડમાં ભારે નાસભાગના દ્રશ્યો સર્જાયા હતા. આ ઘટના બાદ બંને પક્ષો દ્વારા સમાજ રાહે આ બાબતનો નિકાલ લાવવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો. પરંતુ તે સફળ ન થતાં આ સંબંધે રળીયાતી સરકારી આવાસમાં રહેતા કમલેશભાઈ મડીયાભાઈ ભાભોર તા.૬-૨-૨૦૨૪ના રોજ દાહોદ ટાઉન એ ડીવીઝન પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે મોટી ખરજ ગામના રાહડુંગરી ફળિયાના ચાર મહિલાઓ સહીત ૨૦ જણા વિરૂદ્ધ ઈપિકો કલમ ૧૪૩, ૧૪૯, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ રાયોટીંગનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદમાં પ્રધાનમંત્રી આવાસ યોજના ઘર વિહોણા અનેક પરિવારો માટે પોતાનું ઘર બનાવવા માટેનું આશાનું કિરણ





તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જીલ્લાના છાપરી ગામના કિશોરી મુકેશભાઈ દલસુખભાઈએ જણાવ્યું હતું કે, અમે પેહલા કાચા મકાન રહેતા હતા. મોદીએ નવું ઘર બનાવી આપ્યું. મોદીનો ખૂબ ખૂબ આભાર એમ ખુશી સાથે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી આવાસ યોજનાથી અનેક ગરીબ મધ્યમ પરિવારોનું ઘર ઘર હોવાનું સપનું પૂરૂં થયું છે. ઘર વિહોણા પરિવારોને ઠંડી અને વરસાદની સીઝનમાં અનેક તકલીફો અને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. આવા પરિવારોને ઘરનું પાકું ઘર મળતાં તેમને માથે છત મળી છે. અને તેમનું પાકું ઘર હોવાનું સપનું પૂરૂં થયું છે. જેના લીધે તેમની સમસ્યાઓનો અંત આવ્યો છે તેમજ બાળકો પાકા નવા ઘરમાં નિરાંતે અભ્યાસ કરી શકે છે. પ્રધાનમંત્રી આવાસ યોજના ઘર વિહોણા અનેક પરિવારો માટે પોતાનું ઘર બનાવવા માટેનું આશાનું કિરણ છે.

દાહોદના છાપરી ગામના તળાવ ફળિયામાં રહેતા વસંતભાઈ જોખનાભાઈ મેડા કાચા માટીના મકાનમાંથી પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મળતા પાકું મકાન બનાવી શકયા છે. કાચા મકાનમાં પડતી અગવડતાઓ દૂર થતા તેઓ જણાવે છે કે, અગાઉ કાચા મકાનમાં ભારે અગવડ હતી. અનેક મુશ્કેલી વેઠવી પડતી હતી. તેમજ જીવજંતુઓનો પણ ભય રહેતો. હવે પાકું મકાન થઈ જતા મોટી રાહત થઈ છે. યોજનાનો લાભ ત્રણ હપ્તામાં રૂ. ૧.૨૦ લાખ મળ્યા છે અને ૨૦ હજાર છ માસમાં કામ પૂર્ણ કર્યાના મળ્યા છે તે બદલ સરકારનો યોજનાનો લાભ આપવા બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.

# ગરબાડા તાલુકાની કુમાર શાળા ઈંગ્લીશ મીડિયમ શાળામાં ૮૨ બાળકો વચ્ચે માત્ર એક જ શિક્ષક

ગરબાડા,

ગરબાડા તાલુકામાં માળખાકિય સુવિધાના નામે શાળાઓ તો ઉભી કરી દેવાઈ છે પણ એ શાળામાં ભણાવનાર શિક્ષકો જ નથી. ગરબાડા તાલુકાની કુમાર શાળામાં સરકાર દ્વારા ઈંગ્લીશ માધ્યમ સ્કુલ ચાલુ કરવામાં આવી છે. જે સ્કુલ ચાલુ થયાને આજે ૭ વર્ષ થવા આવ્યા છે. જે શાળામાં ધો-૧ થી ૭ના ૮૨ બાળકો અભ્યાસ કરે છે. અત્યાર સુધી માત્ર ૧ શિક્ષકો દ્વારા આ બાળકોને ભણાવવામાં આવે છે.

સરકારના પરીપત્ર મુજબ ઈંગ્લીશ માધ્યમ સ્કુલમાં ૧ થી ૫ ધોરણમાં ૨ શિક્ષકો તેમજ ૬ થી ૭ ધોરણમાં બે શિક્ષકો ફાળવવામાં આવતા હોય છે. પરંતુ અહિંયા ૮૨ બાળકો અભ્યાસ કરતા હોવા છતાં એક જ શિક્ષક બાળકોને અભ્યાસ કરાવે છે. ઉલ્લેખનિય છે કે,અગાઉ રજુઆત કરાતા બે પ્રવાસી શિક્ષકો ફાળવ્યા હતા પરંતુ પ્રવાસી શિક્ષકોને ૨૩ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ તેઓની નિમણુંક રદ્દ કરવામાં આવી છે. સરકાર દ્વારા તાલુકા મથકે અંગ્રેજી માધ્યમની શાળાઓ તો શરૂ કરી પરંતુ તેના પર ધ્યાન આપવામાં આવતુ નથી તે હકીકત છે.

શાળામાં શિક્ષકોની ઘટથી બાળકોનુ ભવિષ્ય અંધકારમય તરફ વળી રહ્યુ છે. સરકાર દ્વારા આ બાબતે ગંભીરતાથી નોંધ લેવામાં આવે તેમજ ઈંગ્લીશ મીડિયમ, શાળામાં જ્ઞાન સહાયક અથવા કાયમી શિક્ષકો આપે તેવી લાગણી અને માંગણી વાલીઓમાં ઉઠવા પામી છે.

# દાહોદ તાલુકાનાં કોટડા અને ખૂંટખેડા ગામે મંદિર નિર્માણનું ખાતમુહૂર્ત



દાહોદ,

દાહોદ તાલુકાનાં કોટડા અને ખૂંટખેડા ગામે મંદિર નિર્માણનું ખાતમુહૂર્ત દાહોદ સ્થિત રામાનંદ પાર્કનાં મહંત ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી જગદીશદાસજી મહારાજનાં કરકમલો દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો સહિત હિંદુ સંગઠનનાં કાર્યકર્તાઓ, સરપંચો અને તાલુકા સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે મહારાજશ્રી એ વક્તવ્ય આપતાં જણાવ્યું હતુ કે હિંદુ સમાજનું અસ્તિત્વ સંસ્કૃતિ, મંદિર અને સંતો પર આધારિત છે, તેથી વધુંમાં વધું મંદિર બને અને ગામની એકતા, અખંડિતતા જળવાઈ રહે, અને ગ્રામિણ વિસ્તારનાં આસ્થા સમા ડુંગરદેવ, બાબાદેવ, ગામદેવતા જેવાં પ્રાચીન ઉપાસનાનાં પ્રતિક એવાં સ્થાનકોના વિકાસનો વ્યાપ વધે અને આદિવાસી સમાજની સંસ્કૃતિ ટકી રહે તથા આ ઉપાસના પદ્ધતિનો સાંસ્કૃતિક વારસો આવનારી પેઢીને પણ મળતો રહેએ આજનાં સમય ની માંગ છે. સમસ્ત ગામવાસીઓએ પણ મહારાજજીનાં આશિર્વાદ મેળવી મંદિર નિર્માણ કાર્યમાં મદદરૂપ થવાં બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# ફતેપુરાના મોટી નાદુકણ ગામે બાજુમાં પાર્ક કરેલ બાઈકની ચોરી

દાહોદ,

દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના મોટી નાદુકણ ગામે ઘરની બાજુમાં પાર્ક કરેલ રૂપિયા ૫૦ હજારની કિંમતની મોટર સાયકલ રાત્રીના સમયે ચોરાયાનું જાણવા મળ્યું છે.

ગત તા.૨૯-૧-૨૦૨૪ની રાતે ફતેપુરા મોટી નાદુકણ ગામે રહેતા વિકેશભાઈ બાબુભાઈ દામાની તેમના ઘરની બાજુમાં લોક મારી પાર્ક કરેલ રૂપિયા ૫૦ હજારની કિંમતની જીજે-૩૫પી-૬૬૯૦ નંબરની બ્લેક કલરની ગ્રે કલરના પટ્ટાવાળી એચ એફ ડીલક્ષ મોટર સાયકલ કોઈ અજાણ્યો બાઈકચોર ડુપ્લીકેટ ચાવી વડે લોક ખોલી યા તોડીને મોટર સાયકલ ચોરીને લઈ ગયો હતો.

આ સંબંધે મોટી નાદુકણ ગામના વિદેશભાઈ બાબુભાઈ દામાએ નોંધાવેલ ફરિયાદને આધારે ફતેપુરા પોલીસે ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદ આરોગ્ય શાખા અને મેડિકલ કેર સેન્ટરના સહયોગથી પિડિયાટ્રીક કેમ્પ યોજાયો



ઝાલોદ,

આજ રોજ તાલુકા આરોગ્ય કચેરી ઝાલોદ ખાતે આર.બી.એસ.કે ટીમ દાહોદ જિલ્લા તેમજ સ્માઈલ ટ્રેઈનના સહયોગ થી જન્મ જાત ફાટેલા હોઠ અને ફાટેલા તાળવા તેમજ પીડીયાટ્રિક સર્જરી માટે કાશીબા ચિલ્ડ્રન હોસ્પિટલ (સ્માઈલ ટ્રેઈન) દ્વારા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાવન જેટલા લાભાર્થીની નોધણી કરવામાં આવી અને નવ જેટલા લાભાર્થીને સારવાર માટે તારીખ આપી જેમનું ઓપરેશન કરવામાં આવશે જે સંપૂર્ણ મફત સારવાર રેહશે. તેમ ડો વિવેક રાયઠઠા એ જણાવ્યું હતું. વધુમાં સાથે કેમ્પમાં હાજર રહેલ પીડિયાટ્રિક સર્જન ડો. નેહલ શાહ દ્વારા બાળકોનું મફતમાં ચેકઅપ કરવામાં આવ્યું અને જરૂરિયતમંદ દર્દીને કાશીબા ચિલ્ડ્રન હોસ્પિટલમાં આવી ખુબજ રાહત દરમાં સારવાર કરવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત દાહોદ જિલ્લા આર.બી.એસ.કે ટીમ દ્વારા સરાહનીય કામગીરી માટે મોમેન્ટો આપી સન્માન કરવા માં આવ્યું હતું.

# વડોદરામાં ૧૩ કિલોથી વધુ ગાંજાના જથ્થા સાથે બેની ધરપકડ કરાઈ

વડોદરા,

એસઓજીએ મોટી કાર્યવાહી કરતા ગોરવામાંથી ગાંજાની ચોરી કરતા બે શખ્સોની ધરપકડ કરી. પોલીસે ૧૩ કિલોથી વધુના ગાંજાનો જથ્થો ઝડપ્યો. આ સાથે કપીલ અગ્રવાલ અને વસીમ ચૌહાણની ધરપકડ કરી. પોલીસ ગાંજાની ચોરીને લઈને અનેક શંકાસ્પદ સ્થાનોની તપાસ કરી રહી છે. શહેરમાં અગાઉ પણ ગાંજાને લઈને મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. થોડા મહિના અગાઉ ગોરવામાંથી એકટીવાની ડેકીમાં ગાંજાનો જથ્થો રાખી વેચાણ કરતા બે શખ્સની ધરપકડ કરાઈ હતી. એ સમયે રૂ. ૧૧૯૫૦ ની કિંમતના ૧.૧૯૫ કિ.ગ્રા ગાંજાના જથ્થા સાથે બે શખ્સને ઝડપી પાડવામાં આવ્યા હતા. શહેરમાં પ્રતિબંધિત વસ્તુના વેચાણને લઈને પોલીસ તંત્ર પોતાના સૂત્રો પાસેથી માહિતી મેળવતું હોય છે. તેમના બાતમીદારો પાસેથી માહિતી લઈ પોલીસ પહેલા શંકાસ્પદ સ્થાનો અને માણસો પર વોચ ગોઠવે છે. અને પછી અટકાયત અને સર્ચ ઓપરેશન હાથ ધરે છે.

વડોદરા શહેર સંસ્કારી નગરી માનવામાં આવે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી શહેરમાં ગેરરીતિઓ વધી છે. ઓક્ટોબર મહિનામાં સમા સાવલી રોડ પરથી ૧ કિલો ગાંજો મળી આવ્યો હતો. અચરજની વાત છે કે આ ૧ કિલો ગાંજો સામાન્ય રાહદારી પાસેથી મળી આવ્યો. પોલીસ સમા સાવલી રોડ પર પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે એક રાહદારીની પ્રવૃત્તિ પર શંકા જતા તેની તપાસ કરવામાં આવી. તપાસ કરતા તેની પાસેના થેલામાંથી ૧૦,૦૦૦ની કિમંતનો ગાંજો મળી આવ્યો. શહેરમાં અવાર-નવાર પ્રતિબંધિત એવો ગાંજાનો જથ્થો મળી આવતા સંસ્કારી નગરી એવા વડોદરામાં ગેરપ્રવૃત્તિઓ વધી રહી હોવાનું સામે આવ્યું છે.

# દાહોદ બસ સ્ટેશન ખાતે રકતપિત જનજાગૃતિ અભિયાન અંતર્ગત ભવાઈ યોજાઈ




દાહોદ,

દાહોદ જીલ્લા સ્પર્શ રક્તપિત જન જાગૃતિ અભિયાન હેઠળ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. ઉદય ટીલાવત અને જીલ્લા રક્તપિત અધિકારી ડો આર.ડી.પહાડીયા તથા તાલુકા હેલ્થ ઓફિસર ડો. ભગીરથ બામણીયા માર્ગદર્શન અનુસાર દાહોદ બસ સ્ટેશન ખાતે સ્પર્શ રક્તપિત જન જાગૃતિ અભિયાન અંતર્ગત ભવાઈ કાર્યક્રમ દવારા લોકોને રક્તપિત વિશે સાચી માહીતી અપાવામાં આવી અને સમાજ માંથી છુપાયેલ દર્દીઓ મળે અને સમય સર સારવાર મળવાથી દર્દીઓને ગંભીર બીમારી ન થાય. આ કાર્યક્રમમાં આરોગ્ય સ્ટાફ અને પ્રવાસીઓ હાજર રહેલ હતા.

# મોરવા સ્ટેશન પાસેથી એન્જિન શરૂ કરતા માલગાડી રિવર્સમાં દોડી ગાર્ડનો ડબ્બો ખળી પડયો

દાહોદ,

દિલ્હી-મુંબઈ રેલ્વે રૂટના મોરવાની સ્ટેશન પર એક માલગાડી રિવર્સ દોડીને (રોલબૈક)અકસ્માતગ્રસ્ત થઈ હતી. તેમાં માલગાડીનો સૌથી પાછળનો ગાર્ડનો ડબ્બો(બેકવાન)ક્રોસિંગ પોઈન્ટ તોડીને પાટા પરથી ખડી પડચો હતો. ચોંકાવનારી વાત એ હતી કે,ડ્રાઈવર અને ગાર્ડ બંનેને અકસ્માત સર્જાયા બાદ ખબર પડી હતી. બંનેએ પોતાની ભુલનો સ્વિકાર પણ કરી લીધો હતો. રેલ્વેએ તપાસ શરૂ કરી છે. રિપોર્ટ આવ્યા બાદ કાર્યવાહી કરાશે. રાહતની વાત એ છે કે,ઘટના લુપ લાઈન નંબર-૪માં થતાં રાજધાની રૂટના ટ્રાફિકને કોઈ અસર થઈ ન હતી. અકસ્માત રાહત ટ્રેન (એઆરટી)એ ઘટના સ્થળે જઈને બે કલાકમાં બ્રેકવાનને પાટા ચઢાવ્યા બાદ ટ્રેનને આગળ રવાના કરાઈ હતી. રતલામ મુખ્યાલના ડ્રાઈવર નરેશ મીણા અને ગાર્ડ સિકંદરખાન માલગાડીને ગોધરાથી રતલામ લાવી રહ્યા હતા. તે વખતે આ ઘટના બની હતી. મુસાફર ટ્રેનોને પસાર કરવા માટે માલગાડીને મોરવાની સ્ટેશનની લુપ લાઈન નંબર-૪ ઉપર ઉભી કરાઈ હતી. લગભગ ૧૦ મિનીટ બાદ સિગ્નલ મળતા ચાલકે એન્જિન સ્ટાર્ટ કરતા ગાડી આગળ જવાના બદલે પાછળ ચાલવા લાગી હતી. લગભગ ૨૦ મીટર પાછળ ઘસી જતાં છેલ્લો ગાર્ડનો ડબ્બો ક્રોસિંગ પોઈન્ટ તોડીને પાટાથી ઉતરી ગયો હતો. ઘટનાને પગલે એઆરટી સાથે સિનીયર ડીએસઓ સહિત અન્ય અધિકારીઓ પણ ઘટના સ્થળે ઘસી ગયા હતા.

# ઝાલોદના ખરસોડ ગામે પતરાવાળી દુકાન પાછળ વાડીમાં રેઈડ કરી ૨૬ હજારનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાની લીમડી પોલીસે પોતાને મળેલ બાતમીના આધારે ખરસોડ ગામે હનુમાન મંદીર ટેકરી નજીક પતરાવાળી એક દુકાન તથા દુકાનનાં પાછળના ભાગે આંબાની વાડીમાં ઓચિંતી પ્રોહી રેડ પાડી રૂપિયા ૨૬ હજાર ઉપરાંતનો દારૂ તથા બીયર ભરેલા કંતાનના થેલાઓ પકડી પાડી કબજે લીધાનું જાણવા મળ્યું છે.

ઝાલોદ તાલુકાના ખરસોડ ગામે હનુમાન મંદીર ટેકરીની બાજુમાં રહેતા મુકેશભાઈ કીર્તનભાઈ લબાનાની પોતાની પતરાવાળી દુકાનમાં તથા દુકાનની પાછળના ભાગે આંબાની વાડીમાં વેચાણ માટે કંતાનના થેલાઓમાં વિદેશી દારૂ તથા બીયરનો જથ્થો સંતાડી મૂકી રાખેલ હોવાની ગુપ્ત બાતમી લીમડી પોલીસની ટીમે ગતરોજ સાંજે સાડા છ વાગ્યાના સુમારે ખરસોડ ગામે રહેતા મુકેશભાઈ કીર્તનભાઈ લબાનાની પતરાની દુકાન તથા દુકાનના પાછળ આવેલ આંબાની વાડીમાં ઓચિંતી પ્રોહી રેડ પાડી રૂા. ૨૬,૧૪૫ની કુલ કિંમતના બીયર તથા ઈંગ્લીશ દારૂની નાની મોટી બોટલ નંગ૧૬૧ પકડી પાડી કબજે લીધી હતી. જ્યારે પોલીસની રેડ સમયે દુકાન માલીક મુકેશભાઈ કીર્તનભાઈ લબાના ઘરે હાજર ન હોવાથી પોલીસ તેને પકડી શકી ન હતી. આ સંબંધે લીમડી પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડા તાલુકાની નાંદવા પ્રાથમિક શાળાખાતે ગમ્મત સાથે જ્ઞાન કાર્યક્રમ યોજાયો



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

નાંદવા પ્રા.શાળાનાં બાળકોને નિવૃત્ત શિક્ષક અને હાસ્ય કલાકાર મકવાણા ધુળાભાઈએ બાળકોને વિવિધ વિષયો જેવાં કે, અંગ્રેજી, ગુજરાતીવ્યાકરણ,પર્યાવરણ, ગણિત, ચિત્ર, યોગ, જેવાં વિષયો સાંકળીને બાળકોને ગમ્મત સાથે જ્ઞાન આપ્યું શિક્ષકોને પણ ભાર વગરનાં ભણતરની સમજ આપી શાળાના આ. શિ પુસ્તક આપી સ્વાગત કર્યું. ચિરાગભાઈ ભાભોરે મકવાણા નો પરિચય આપ્યો. બાળકોને ખૂબ જ મઝા આવી. આભાર વિધિ શાળાના આચાર્ય દિલીપભાઈ કરી.

# રણીયારમાં કોળી સમાજ દ્વારા શ્રાવણ માતાજીનો છઠ્ઠો પાટોત્સવ ઉજવાયો



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ તાલુકામાં રણીયાર ગામે કોળી સમાજ દ્વારા શ્રાવણ માતાજીનો ત્રિ દિવસીય ઉત્સવ પાટોત્સવની ઉજવણી કરાઈ. પ્રથમ દિવસે કળશ પૂજન આરતી અને બીજા દિવસે નવચંડી પૂજન હવન આરતી તેમજ પોષ વદ બારસના દિવસે સમગ્ર રણીયાર ગામમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી. બાદમાં પૂર્ણાહુતિ પ્રસંગે આરતી બાદ મહાપ્રસાદ લઈ પ્રસંગની ઉજવણી પૂરી કરાઈ હતી. આ પ્રસંગે ગામના આગેવાન અને ઝાલોદ APMCના વાઈસ ચેરમેન પપ્પુભાઈ કોળી, સરપંચ, જી.સભ્ય, તા.સભ્ય સહિત સમગ્ર કોળી સમાજના અને ગામના આગેવાનો હાજર રહ્યા હતા. પ્રોગ્રમની ઉજવણીમાં કોળી સમાજના દૂર દૂર વસતા દરેક પરિવારો વતનમાં હાજર રહી તમામ ભાવિકોનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.141

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## ગોધરા નગર પાલિકાના દુકાનના ભાડા વસુલાત અભિયાનમાં

# બીજો દિવસ શુકનવંતો : કલાલ દરવાજાના વેપારીઓના પર.૧૮ લાખ બાકી લ્હેણાં જમા









- બગીચા વિસ્તારના ૬૮ વેપારીઓ હાઈકોર્ટમાં દોડી જતાં સ્ટે.
- ૭ દિવસમાં ૨૫ ટકા રકમ ભરપાઈ કરવા કોર્ટનો હુકમ.
- આગામી દિવસોમાં અભિયાન રોકેટગતિએ જારી રહેશે.

ગોધરા,

ગોધરા નગર પાલિકા દ્વારા હાથ ધરવામાં આવી રહેલા વસુલાત અભિયાનમાં નવો વળાંક આવ્યો છે. પાલિકાના અણઘડ નિર્ણયને વિરોધ સામે ૬૮ દુકાનદારોએ હાઈકોર્ટના દરવાજા ખટખટાવતા કોર્ટે શરતી સ્ટે આપીને ૭ દિવસની મુદ્દતમાં બાકી નાણાં ૨૫ ટકા ભરી દેવા સાથે આગામી મુદ્દતે સુનાવણી હાથ ધરવાનું નિર્ણય લેવામાં આવ્યો છે. તો બીજી તરફ ૧૫૦ દુકાનદારોએ સ્થળ પરજ પર.૧૮ લાખ રોકડા જમા કરાવતા પાલિકા તંત્રને નોંધપાત્ર સફળતા મળી છે. જોકે, આગામી દિવસોમાં રાબેતા મુજબ અભિયાન જારી રાખીને પાલિકાની તિજોરીમાં આવકમાં વૃદ્ધિ કરવાનો નિર્ણય કર્યો છે.

વર્ષો પૂર્વે ગોધરા નગર પાલિકા દ્વારા વેપારીઓને વેપાર ધંધાનું અનુકુળ સ્થળ મળે તે માટે પાકી દુકાનો બનાવીને ચોકકસ સમયગાળા માટે ભાડા પટ્ટા પર આપેલ હતી. પરંતુ પાલિકાના માલિકીની આવેલી અંદાજીત ૭૦૦ ઉપરાંત દુકાનોની વર્ષોથી ચાલતા નજીવા ભાડા દરોમાં વધારો કરતો સર્વાનુંમત્તે ઠરાવ પસાર કર્યા બાદ નગર પાલિકા દ્વારા વર્ષોથી બાકી બોલતા ભાડાના લ્હેણા સાથે નવા દર સાથેની રકમ ચૂકતે કરવાની નોટીસ બજાવવામાં આવી હતી. પરંતુ મોટાભાગના વેપારીઓ પાલિકાના આડેધડ અને અસહ્ય ભાવ વધારાના સામે પહેલેથી વિરોધના સૂર સાથે મકકમ બનેલા છે. ત્યારે પાલિકાએ આપેલી નોટીસની મુદ્દત પૂર્ણ થવા છતાં વેપારીઓ દ્વારા રકમ જમા નહિ કરાતા અને નિંદ્રાધીન વેપારીઓને ઢંઢોળવા માટે ગત મંગળવારે પાલિકા તંત્રએ પોલીસ બંદોબસ્ત સાથે વસુલાત અભિયાન જારી કર્યું હતું પરંતુ બગીચા વિસ્તારના વેપારીઓએ સાગમટે વેપારી ધંધાથી અળગા રહીને દુકાનો બંધ રાખવામાં આવીને વિરોધ વ્યકત કર્યો હતો. જોકે, પહેલા દિવસે ૯ લાખ ઉપરાંતની આવક થતાં પાલિકાની ટીમને વધુ જોમ અને જુસ્સો વ્યાપતા બીજા દિવસ બુધવાર પાલિકા તંત્ર માટે સુકનવંતો સાબિત થઈને કલાલ દરવાજા વિસ્તારના વેપારીઓ પાસેથી અડધા કરોડની આવક એક ઝાપટે મેળવવામાં સીધી અસર કરી હતી. દરમિયાન બગીચા રોડ વિસ્તારના વેપારીઓના વિરોધ યથાવત રહેતા હાઈકોર્ટનું શરણું લઈને ન્યાયની માંગણી કરવામાં આવતા સ્ટે આપવામાં આવ્યો હતો. જોકે, હુકમમાં ૭ દિવસમાં ૨૫ ટકા રકમ ભરપાઇ કરવાનો નિર્ણય આપવામાં આવતાં હાલ પુરતો હંગામી રાહત વેપારીઓને અપાઈ છે. આમ, એકતરફ જટકી બનેલા વેપારીઓ ભાડા વેરા વધારવા સામે ઝુકવા તૈયાર નથી. તો સામે નગર પાલિકા તંત્ર પણ પાઈપાઈની રકમ જમા કરાવવા સજજ બન્યું છે. બન્ને પક્ષો વચ્ચે રસાકસી જામ્યું છે.

### આગામી મુદ્દતે વેપારીઓની રજુઆત સંદર્ભે સુનાવણી હાથ ધરાશે

બુધવારના રોજ પાલિકા તંત્રની ટીમે સપાટો બોલાવીને કલાલ દરવાજા થી પ્રારંભ કરેલા અભિયાન હેઠળ ૧૫૦ દુકાનદારોએ સ્થળ ઉપર પર.૧૮ લાખ રોકડ રકમ જમા કરાવી હતી. જ્યારે ૩ લાખના ચેક પાલિકામાં જમા કરાવ્યા હતા. બીજા દિવસે નગર પાલિકાને અડધા કરોડની માતબર રકમ સફળ થવાની લઈને પાલિકા વર્તુળોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી. બીજી તરફ આગળ ધપેલી કામગીરી વચ્ચે બપોર બાદ બગીચા રોડ વિસ્તારના ૬૮ જેટલા વેપારીઓએ વિરોધના સૂર સાથે નારાજગી વ્યકત કરતી અરજી આપેલ હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. જેમાં વેપારીઓ તરફથી ધારાશાસ્ત્રીની ધારદાર રજુઆત આધારે હાઈકોર્ટે શરતી સ્ટે આપીને ૭ દિવસના સમયગાળામાં કુલ બાકી લ્હેણાં પૈકી ૨૫ ટકા રકમ ભરપાઈ કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો અને આગામી મુદ્દતે હાઈકોર્ટે વધુ સુનાવણી આદરીને યોગ્ય નિર્ણય લેવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

### પડોશી જીલ્લાના વિવિધ નગર પાલિકાના ૧૦ મુખ્ય અધિકારીઓની ફોજ ગોધરામાં ઉતારી

નગર પાલિકાની માલિકીની શોપીંગ સેન્ટરના ભાડાની રકમ વસુલાત કરવાની બાકી રહેલ છે. જે લાંબા સમયથી ભાડુઆત દ્વારા ભાડાની રકમ ભરપાઈ કરવામાં આવેલ નથી. જેથી પાલિકાની આર્થિક સ્થિતી નબળી બનતા કર્મચારીઓના નિયમીત પગાર, વિજળી બીલ, પાણી બીલ વગેરે સમયસર ભરી શકાતું નથી. જેથી નાવશ્યક સેવામાં ખુબ વિક્ષેપ પડે છે. જેથી ઝડપથી વસુલાત હાથ ધરવા માટે પ્રાદેશિક કમિશ્નર એસ.પી.ભગોડાએ પંચમહાલ-વડોદરા-આણંદ-દાહોદ- મહિસાગર જીલ્લાની વિવિધ નગર પાલિકાના મુખ્ય અધિકારીઓની ટીમ બનાવીને વસુલાતની કામગીરી સોંપવામાં આવી છે.

| મુખ્ય અધિકારી | - નગર પાલિકા | મુખ્ય અધિકારી | - નગર પાલિકા |
|---|---|---|---|
| જયકિશન તડવી | - ડભોઈ | હિરલ ઠાકર | - હાલોલ |
| મહેશ પરમાર | - ડભોઈ | રવિન્દ્રસિંહ રાઠોડ | - દે.બારીયા |
| ઈન્દ્રજીત સિંધા | - કરજણ | કાર્તિકસિંહ | - દે.બારીયા |
| કમલેશ પરમાર | - આણંદ | અજય ઠાકોર | - લુણાવાડા |
| જીતેન્દ્ર રાઠોડ | - શહેરા | જીગ્નેશ શાહ | - શહેરા |

## ગોધરા બી ડીવીઝન પોલીસ મથકના પોકસોના ગુનામાં સહઆરોપીના આગોતરા જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

ગોધરા,

ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે સગીરાને લગ્ન કરવાના ઈરાદે ભગાડી ગયેલ હોય તેના મુખ્ય આરોપી અને મદદગારમાં ૩ આરોપી વિરૂદ્ધ પોકસો કલમ અંતર્ગત ગુનો નોંધાયેલ હોય આ ગુનામાં મદદગાર આરોપીએ ત્રીજા એડીશીનલ ડીસ્ટ્રીકટ જજની કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. આ અરજીની સુનાવણી હાથધરી આગોતરા જામીન અરજી નામંજુર કરાઈ.

ગોધરા તાલુકાના ભીમા ધનોલ ગામે રહેતા કલ્પેશ પ્રભાતભાઈ સોલંકી ૧ ઓકટોમ્બર ૨૦૨૩ના રોજ ગોધરા શહેરા ભાગોળ વિસ્તારની સગીરાને લગ્નની લાલચ આપી શારીરિક શોષણ કરવાના ઈરાદે ભગાડી ગયેલ હોય આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨) (એન), ૫૦૬(૨), ૧૧૪ તથા પોકસો એકટ હેઠળ આરોપીઓ કલ્પેશ પ્રભાતભાઈ સોલંકી અને મદદગારમાં અંકિત ગોવિંદભાઈ સોલંકી, નિમેશ મુકેશભાઇ પટેલ, સુરેશભાઇ મેઘાભાઇ રજાત વિરૂદ્ધ ફરિયાદ નોંધાવ પામી હતી. આ ગુનામાં મદદગાર આરોપી નિમેશકુમાર મુકેશભાઈ પટેલ એ ગોધરા ત્રીજા એડીશીનલ ડીસ્ટ્રીકટ જજ આર.જે.પટેલની કોર્ટમાં આગોતરા જામીન અરજી મુકવામાં આવી હતી. તે જામીન અરજીની ત્રીજા એડીશીનલ ડીસ્ટ્રીકટ સેશન્સ કોર્ટના જજની કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. તેમાં સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોર દ્વારા દલીલો રજુ કરતાં કોર્ટ દ્વારા આરોપીના આગોતરા જામીન અરજી નામંજુર કરાઈ છે.

## દે.બારીયા પોલીસ મથકના કોન્સ્ટે. PSI તરીકેની ઓળખ આપી પતિ-પત્ની પાસે ડરાવી ધમકાવી ૪ લાખ ખંખેરી લેતાં મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા મામલો સપાટી પર આવ્યો

દાહોદ,

દેવગઢબારિયા પોલીસ મથકમાં કોન્સ્ટેબલે પીએસઆઇ તરીકે ઓળખ આપી હરિયાણા પોલીસમાં બજાવતી મહીલા તેમજ તેના પતિ જેઓ ફસાયો વકીલ હતાં. ઉપરોક્ત બંને પતિ-પત્ની પાસેથી આ કોન્સ્ટેબલે ડરાવી ધમકાવી સાયબર ક્રાઈમમાં બ્લોક થયેલા ખાતાને ચાલુ કરવાની અવેજીમાં ચાર લાખ રૂપિયા ખંખેરી લેતા મહિલા પોલીસ કર્મીએ બારીયા પોલીસ કોન્સ્ટેબલ વિરૂદ્ધ દાખલ કરાવતા સમગ્ર મામલો સામે આવ્યો છે.

આમ, તો પોલીસ પોતે જ સાયબર ફ્રોડથી બચવા માટે જન જાગૃતિ અભિયાન તેમજ તમારી પાસે કોઈ ખોટી રીતે પૈસાની માંગણી કરે છે, તો પોલીસનો સંપર્ક કરવા માટે જણાવે છે. પરંતુ અહીંયા તો પોલીસે જ અન્ય રાજ્યની પોલીસ કર્મીને ક્રાઈમની ફરિયાદમાં તપાસના નામે ડરાવી ધમકાવી ચાર લાખ ઉપરાંતની રકમ પડાવી લીધી હોવાનું સામે આવ્યું છે. જેમાં આજથી એક વર્ષ અગાઉ દેવગઢ બારીયાના રહેવાસી શિક્ષકના બેન્ક એકાઉન્ટ માંથી બે લાખ ઉપરાંતની રકમ નીકળી જતા અથવા તો સાયબર ફ્રોડ કરનાર ટોળકીયે આ શિક્ષકના બેન્ક એકાઉન્ટ માંથી બે લાખ રૂપિયા જેટલી માકબર રકમ ખંખેરી લેતા સાયબર ફ્રોડનો શિકાર બનેલા શિક્ષકે ગુજરાત સરકારની સાઈબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ ઉપર ફરિયાદ દાખલ કરાવતા આ મામલો દેવગઢબારિયા પોલીસ સ્ટેશન તપાસ અર્થે આવ્યો હતો. જે બાદ દેવગઢબારિયા પોલીસે જે જે ખાતાઓમાં રકમ ટ્રાન્સફર થઈ હતી. તે તમામ ખાતાઓ સીઝ કરતા આ ખાતાઓમાંથી હરિયાણા પોલીસમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતી કોમલબેન અમરદીપ સિંહ રહેવાસી ફ્લેટ નંબર ૧૦૧ આગમન સોસાયટી ટ્રેકટર ૭૦ આઈ.એમ.ટી. ફરીદાબાદ હરિયાણાના બેંક એકાઉન્ટ પર બ્લોક થતા મહિલા પોલીસ કર્મી તેમજ તેના પતિ જગવીર અમરસિંગ સીંગ કે જે વ્યવસાયે વકીલ સાથે બેંકમાં તપાસ કરતા તેમનો બેંક એકાઉન્ટ દેવગઢ બારીયા પોલીસ દ્વારા સીઝ કર્યો હોવાનું જણાવતા ઉપરોક્ત બન્ને પતી પત્નીએ દેવગઢ બારીયા પોલીસનો સંપર્ક કરતા દેવગઢ બારીયા પોલીસ મથકમાં ફરજ બજાવતા અનિલ સોલંકીએ ઉપરોકત બન્ને પતી પત્નીને દેવગઢ બારીયા પીએસઆઈ તરીકેની ખોટી ઓળખ આપી તમે સાઈબર ફ્રોડનો ધંધો આચરો છો. તેવી ધાક ધમકી આપી હતી, તેમજ તેમના બ્લોક થયેલા એકાઉન્ટ ને શરૂ કરવા માટે ડરાવી ધમકાવી ચાર લાખ રૂપિયા પડાવી લીધા હતા. જે બાદ મહિલા પોલીસ કર્મીનો બેંક એકાઉન્ટ ચાલુ ના થતા આખરે બન્ને પતિ-પત્નીએ દેવગઢ બારીયા પોલીસ મથકે આવી સંપર્ક કરતા સમગ્ર ભેદ ખુલ્યો હતો મહિલા પોલીસ કર્મી પોતે છેતરપિંડીનો ભોગ બની હોવાનો અહેસાસ થતા ટેણીએ દેવગઢ બારીયા પોલીસ મથકના કોન્સ્ટેબલ અનિલ સોલંકી વિરૂદ્ધ ગુનો દાખલ કરાવ્યો હતો.

### મહિલા પોલીસ કર્મી બેંકમાં પૈસા ઉપાડવા જતા એકાઉન્ટ બ્લોક થયાની જાણ થઈ

હરિયાણા પોલીસમાં ફરજ બજાવતી કોમલબેન સિંઘના અકાઉન્ટમાંથી ૩૨,000/-ની રકમ જમા હોય કોમલબેન એટીએમમાં પૈસા ઉપાડવા જતા બેંક એકાઉન્ટ ખાલી થયાનું માલુમ પડતા કોમલબેન એ બેંકનો સંપર્ક કરતા દ્વારા જાણવા મળ્યું હતું કે, સાયબર ક્રાઈમના કેસમાં તમારો બેન્ક એકાઉન્ટ બ્લોક કરવામાં આવ્યો છે. જે બાદ આખો મામલો સામે આવ્યો હતો.

### મહીલા પોલીસ કર્મીએ ઉછીના આપેલા પૈસા બેંક એકાઉન્ટમાં લેતા એકાઉન્ટ ફ્રીઝ થયો

હરિયાણા પોલીસમાં નોકરી કરતી કોમલબેને કોઈક ઓળખીતાને ૫0,000/- રૂપિયા ઉછીના આપ્યા હતા. જે ઉછીના પૈસા કોમલબેને લજ્ઞજ્ઞલહય ાકુ મારફતે પોતાના એકાઉન્ટમાં લીધા હતા. તેઓને આ બાબતથી અજાણ હતા કે દેવગઢ બારીયાના શિક્ષકના આમાંથી ઉપાડેલા બે લાખ રૂપિયા માંથી ૫0,000/- ની રકમ અન્ય બેન્ક એકાઉન્ટ મારફતે મહીલા પોલીસ કર્મીના ખાતામાં આવી હતી.

## કાંકણપુર આર્ટસ કોમર્સ કોલેજ દ્વારા વેલવડ ખાતે NSS વાર્ષિક શિબિર યોજવામાં આવી



કાંકણપુર,

શ્રી જે.એલ.કે.કોટેચા આટ્ર્સ એન્ડ શ્રીમતિ એસ.એચ. ગાર્ડી કોમર્સ કોલેજ કાંકણપુરના N.S.S. વિભાગ દ્વારા વાર્ષિક શિબિરનું આયોજન વેલવડ તા. ગોધરા મુકામે રાખવામાં આવેલ છે. જેનું ઉદ્ઘાટન જીલ્લા સદસ્ય-ન્યાય સમિતિના ચેરમેન મણિબેન પરમારના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટનના વિશેષ અતિથિ ગામના સરપંચ, કોલેજના આચાર્ય ડો.જગદીશ પેટેલ અને અન્ય અદ્યાપકઓ, શાળાના આચાર્ય અને સ્ટાફ, શાળાના બાળકો તેમજ વિશિષ્ટ મહેમાનઓમાં ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના N.S.S. વિભાગના કોર્ડીનેટર ડો. મયંકભાઈ શાહ અને SGGUના એકેડેમિક સદસ્ય ડો.મહેશભાઈ રાઠવા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ગામના અગ્રણીઓ તેમજ NSS ના શિબિરાર્થીઓની હાજરીમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆતમાં શાળાની બાલિકાઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું. દીપ પ્રજ્વલિત કરીને સર્વે મહેમાનઓનું બુકે થી સ્વાગત કરવામાં આવ્યું હતુ. કોલેજના આચાર્ય જે.પી.પટેલએ સ્વાગત પ્રવચન કર્યું હતું. મહેશભાઇ રાઠવાએ NSS ની ભૂમિકા વિશે માહિતી રજૂ કરી હતી. મયંકભાઈ શાહે NSS નું કાર્ય, પ્રવૃત્તિઓ, જરૂરિયાત અને ઉપયોગીતા વિશે તેમની રમુજી ભાષામાં ખુબજ સરસ માહિતી પ્રસ્તુત કરી હતી. વેલવડ શાળાના આચાર્ય વતી શાળાના આ.શિ.રમેશભાઈ ડામોરે ઉદ્ઘાટન પ્રસંગની આભરવિધિ કરી હતી. આ ઉદ્ઘાટન પ્રસંગનું આયોજન કોલેજના NSS પ્રોગ્રામ ઓફિસર ડો.સાબતસિંહ એલ.પટેલે કયું હતું.

## પંચમહાલ યુથ કોંગ્રેસ દ્વારા ગોધરા ITI પ્રભા બ્રીજ પાસે પાણીના નિકાલની વ્યવસ્થા અને મોરવા(હ)ના મોરા ગામે બિરસા મુંડાજીની સ્મારક માટે લેખિત રજુઆત

ગોધરા,

ગોધરા શહેરની આઈ.ટી.આઈ. વિસ્તારમાં પ્રભા બ્રીજના નાળા પાસે વરસાદી પાણીના નિકાલ જગ્યામાં મોટા પ્રમાણમાં પુરણ થયેલ છે. ત્યારે આ પુરણ દુર કરી પાણીનો નિકાલ યોગ્ય થાય તેવી માંગ સાથે પંચમહાલ જીલ્લા ગોધરા માર્ગ મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરને લેખિતમાં યુથ કોંગ્રેસના પ્રમુખ દ્વારા રજુઆત કરાઈ છે.

તેમજ પંચમહાલ જીલ્લાના બહુમુલ્ય આદિજાતિ વસ્તી ધરાવતા મોરવા(હ)ના મોરા ગામે બિરસા મુંડાજીનું સ્મારણ બનાવવાની કામગીરી માટે જીલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર દ્વારા દોઢ વર્ષ પહેલા ૧૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. જે બિરસા મુંડાજીનું સ્મારકની કામગીરી નહિ કરતા આ બાબતે પંચમહાલ જીલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ દ્વારા લેખિત રજુઆત કરવામાં આવી.

## ગોધરાના નદીસર ગામે તારે આંગણામાં વધારે જગ્યા જોઈએ છે તેમ કહી ગાળો આપી મારમારતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના નદીસર ગામે જુની પંચાયત ભટ્ટીવાળા ફળીયામાં રહેતા ફરિયાદીને આરોપી ઈસમોએ તારે આંગણામાં ગણી જગ્યા જોઈએ છે. તેમ કહી ગાળો આપી ઉશ્કેરાઈ જઈ માથામાં લાકડી મારી તેમજ તેમના પતિને ગડદાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના નદીસર ગામે જુની પંચાયતના ભટ્ટીવાળા ફરિયાદમાં રહેતા હંસાબેન ક્મેન્દ્રસિંહ ચાવડાના ઘરે આરોપી ભુપેન્દ્રસિંહ ચાવડા આવીને ગાળો આપી હતી અને તારે આંગણામાં ગણી જગ્યા જોઈએ છે. જમીન રોકવા જોઈએ છે. તેમ કહી લાકડી હંસાબેનને માથામાં મારી હતી. તેમજ તેમના પતિ કમેન્દ્રસિંહ ચાવડાને ગડદાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરતાં આ બાબતે કાંકણપુર પોલસી મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા તાલુકાના ગઢ ચંચેલાવ ગામે ઈલેકટ્રીક રીવાઈન્ડીગ દુકાન માંથી જુની રીપેરીંગ માટે આપેલ મોટરો અને ભંગાર કોપર મળી ૬૦ હજારની મત્તાની ચોરી

ગોધરા,

ગોધરા તાલુકાના ગઢ ચંચેલાવ ગામે ઈલેકટ્રીક રીવાઈન્ડીંગની દુકાનને તોડી ચોર ઈસમોએ દુકાનમાં રીપેરીંગમાં આવેલ મોટરો નંગ-૨૫ કિંમત ૫૫,૫૦૦/-રૂપીયા તથા ભંગાર કોપર મળી ૬૦,૫૦૦/- રૂપીયાની મત્તાની ચોરી કરી જતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ગઢ ચંચેલાવ ગામે આવેલ આર્શીવાદ ઈલેકેટ્રીક મોટર રીવાઈન્ડીંગની દુકાનને ચોર ઈસમોએ નિશાન બનાવી હતી. દુકાનનું શટર તોડી દુકાનમાં પ્રવેશ કર્યો હતો અને દુકાનમાં ગ્રાહકોની રીપેરીંગમાં આવેલ ઈલેકટ્રીક મોટરો નંગ-૨૫ કિંમત ૫૫,૫૦૦/-રૂપીયા તેમજ ભંગાર કોપર ૫,૦૦૦/-રૂપીયા મળી ૬૦,૫૦૦/-રૂપીયાની મત્તાની ચોરી કરી જતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.